
ISSN 0976 – 9609 V-Vidyanagar

વર્ષ: ૨૬ || અંક: ૫ || મે ૨૦૨૪ || સળંગ અંક : ૬૩૧

# વિ-વિદ્યાનગર

(Peer-Reviewed Magazine)



चारुतर विद्यामंडल - वल्लभ विद्यानगर

कर्मण्येवाधिकारस्ते।

**CHARUTAR VIDYA MANDAL**

(Est: 1945)

Vallabh Vidyanagar-388120

www.vvidyanagar.ecvm.net

# ।। શ્રદ્ધાંજલિ ।।



ચારુતર વિદ્યામંડળના ભૂતપૂર્વ અધ્યક્ષ અને ન્યુ વિદ્યાનગરના સ્થાપક સ્વ.ડૉ. સી.એલ.પટેલની જન્મજયંતિ નિમિત્તે તા.૧૦/૦૪/૨૦૨૪ને બુધવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે ન્યુ વલ્લભ વિદ્યાનગર ખાતે તેઓ જ્યાં બેસતા હતા તે મઢૂલીમાં તેઓનું તૈલચિત્ર મુકવામાં આવેલ છે ત્યાં પુષ્પાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષશ્રી તથા સીવીએમ યુનિવર્સિટીના પ્રમુખશ્રી એન્જિ. ભીખુભાઈ બી. પટેલ,માનદ્ મંત્રીશ્રી ડૉ. એસ. જી. પટેલ, માનદ સહમંત્રીશ્રીઓ શ્રી રમેશ તલાટી, શ્રી વિશાલ એચ. પટેલ તથા સુશ્રી વિનોદીનીબેન બી. પટેલ તથા કૉલેજના આચાર્યશ્રીઓ/વડાશ્રીઓ તથા ચારુતર વિદ્યામંડળના કર્મચારી ગણ ઉપસ્થિત રહ્યા હતા અને પૂ. ડૉ. સી.એલ.પટેલને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.



વિ-વિદ્યાનગર
ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

મે-૨૦૨૪
વર્ષ : ૨૬ અંક : ૫
સળંગ અંક ૬૩૧

**ISSN 0976-9609-V Vidyanagar**

ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦
સ્થાપના વર્ષ : ૧૯૪૫



**તંત્રી**
ઉર્વીશ છાયા
**પરામર્શન**
નરેશ વેદ ● રાજેન્દ્રસિંહ જાડેજા
ભગીરથ બ્રહ્મભટ્ટ ● આર. પી. પટેલ
**સંપાદન-સહાય**
વિજય સુથાર
**પ્રકાશક**
ડૉ. એસ.જી.પટેલ
માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦
●
**મુદ્રક**
સીવીએમ પ્રેસ, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦

कर्मण्येवाधिकारस्ते

**પ્રમુખ**
શ્રી પ્રયાસ્વીનભાઈ બી. પટેલ
**ઉપપ્રમુખ**
શ્રી મનીષભાઈ એસ.પટેલ
**અધ્યક્ષ**
શ્રી ભીખુભાઈ બી. પટેલ
**માનદ્ મંત્રી**
ડૉ.એસ.જી.પટેલ
**માનદ્ સહમંત્રીઓ**
શ્રી મેહુલ ડી. પટેલ
શ્રી રમેશ સી. તલાટી શ્રી વિશાલ એચ. પટેલ

**વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ**

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ ● ઉચ્ચતર માધ્યમિક શિક્ષણસંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ ● ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઇજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિતકલાઓ ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટેકનોલોજી, હોટેલ મેનેજમેન્ટ, ટુરિઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કોલેજ ઑફ બિઝનેસ એન્ડ ઍડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ ● અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઇજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો ● વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ ● કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો ● વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ ● સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જ્વળ પરંપરા, રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન ● પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ ● સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે. ● રાજ્યની પ્રથમ મહિલા ઇજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતક કક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કોલેજ, ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ આપવા માટેની સીવીએમ આઇએએસ એકેડેમી ●કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કોલેજ ●ઇન્ટિરિયર ડીઝાઇન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઇન આર્ટ્સની ડિગ્રી કૉલેજ.

અંકની છૂટક કિંમત : ₹ ૧૫/- રવાનગી ખર્ચ : ₹ ૧૦/- વાર્ષિક લવાજમ : ₹ ૧૫૦/-
વિદ્યાર્થી લવાજમ : ₹ ૧૦૦/- આજીવન લવાજમ : ₹ ૧૫૦૦/-

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઇકાકાએ ઇ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. ।વિ। નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી પૂર્વ અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઇ.સ.૧૯૯૯થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

વિ-વિદ્યાનગર

વિ-વિદ્યાનગર www.vvidyanagar.ecvm.net પર મૂકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.

**આ માસની વિચાર-કણિકા**

માન ઘડાયું મોટપ મેલ,
મનવા, ખમતા કરી લિયો ખાઈ,
દાસી જીવણ સત ભીમનાં ચરણાં, લ્યો એક સાંઈ.
મનવા જોર દીવાના મેરા ભાઈ.
**દાસી જીવણ**


|| પ્રાથમ્ય || વર્તનનું વિજ્ઞાન ..........................૩
**એસ.જી.પટેલ**

|| આપણો વૈભવ અને વારસો || .......................૫
**પદ્ય-વિભાગ : દાસી જીવણ, વિલાયત**

|| નવાં કાવ્યો || .........................................૬
**નરેશ સોલંકી, હરીશ શાહ,**
**ભૂપેન્દ્ર વ્યાસ (રંજ), આબિદ ભટ્ટ**

|| આપણો વૈભવ અને વારસો ||
**ગદ્ય-વિભાગ :** આખ્યાનનું હાર્દ ............................૭
**ઈશ્વર પેટલીકર**

|| લઘુકથા-૧ || ખંડિત.................................૯
**પ્રફુલ્લ રાવલ**

|| લઘુકથા-૨ || ભેટ ..................................૧૦
**પી.એમ.લુણાગરિયા**

|| અભ્યાસ || રઘુવીર ચૌધરી કૃત 'અમૃતા' નવલકથામાં ભારતીયતાના અંશો : એક અધ્યયન.......................૧૧
**પ્રવીણભાઈ ભીખાભાઈ વજીર**

|| સાંપ્રત || નસીબ એનાં ...............................૧૩
**મનુભાઈ પરમાર**

|| પ્રાસંગિક || કોપી રાઈટ ડે.............................૧૪
**મિહિર એમ. વોરા**

|| સાંપ્રત || લોકતંત્રનો ભાગ્ય વિધાતા;
હોય છે જાગૃત મતદાતા ..................................૧૬
**બી.એમ.પરમાર**

|| વ્રજ-પરંપરા ||
મીઠી લગે તોરી ગારી*રી.................................૧૯
**ચંદ્રકાન્ત પટેલ 'સરલ'**

|| આયુર્વેદ ||
આયુર્વેદની વિશેષતાઃ ઔષધગ્રહણ કાલ ................૨૩
**વૈદ્ય સાગર એમ. ભીંડે[1] વૈદ્યા ભારતી રાતડીયા[2]**

|| વિદ્યાવૃત્ત || .......... ૮, ૯, ૧૮, ૨૫, ૨૬





ISSN 0976-9609

## ।। પ્રાથમ્ય ।।

## વર્તનનું વિજ્ઞાન

**સંકલન : એસ.જી.પટેલ**

- બહુમતી લોકો તેમાં સહભાગી હોય છતાં પણ ગેરસમજ એ ગેરસમજ જ રહે છે.
- બધી મહાન બાબતો ધીમે ધીમે અને ઝટ ધ્યાન ન ખેંચાય તે પ્રમાણે ઘટે છે.
- તમારે એમ જ વર્તવું જોઈએ જે તમારા વિચાર પ્રમાણે સારું છે, ટોળાની સલાહને અનુસરીને નહીં.
- છળકપટ અને ધોખા તરફ લઈ જતા હજારો રસ્તા છે, પણ સત્ય તરફ લઈ જતો કેવળ એક જ રાહ છે.
- સૌથી ખરાબ વસ્તુઓમાંની એક તે આ નિયમ પ્રમાણે અનુસરવું છેઃ ‘બધા જેવા બની જાઓ, ટોળાને અનુસરો.’
- સમાજ મનુષ્યને કહે છે, “અમે વિચારીએ છીએ તેમ વિચાર, અમે માનીએ છીએ તેમ માન, અમે જે ખાઈએ પીએ છીએ તે જ ખા અને પી, અને અમે જેમ પહેરીએ છીએ, તેમ જ પહેર.”
- મોટા ભાગે ખોટા અને હાનિકારક અભિપ્રાયોના વગ-પ્રભાવની મદદથી પ્રસાર કે ફેલાવો કરાય છે. આપણે બીજા લોકોના મતો કે અભિપ્રાયોને ચીવટભરી રીતે તપાસ્યા વિના કે ખુદને જહેમત આપ્યા વિના જ સ્વીકારી લઈએ તેવી શક્યતાઓ વધુ છે. બિનમહત્ત્વના લોકો એ છે, જેઓ જાતે વિચાર કર્યા વિના જ બીજા લોકોના વિચારોને સ્વીકારી લે છે.
- બીજા આત્માની હાજરીમાં તમારા વિચારો પર તેની આસાનીથી અસર થઈ જાય છે; જ્યારે વ્યક્તિ એકલી હોય ત્યારે જ તે સંપૂર્ણપણે મુક્ત રહી શકે છે.
- બીજા લોકો તરફથી ખરાબ ઉદાહરણ બેસાડાય તેનાથી વધુ હાનિકારક બીજું કશું નથી. આ ઉદાહરણ આપણા જીવનમાં એવા વિચારો અને ખ્યાલો લાવે છે, કે જે આ ઉદાહરણ વિના ક્યારેય આપણને આવી શક્યા ન હોત.
- જેઓ તમારી સાથે દુર્વ્યવહાર કરે છે, તેમના મૂડ કે મિજાજની અસર તમારા પર ન થવા દો; તેમના રસ્તા પર કદમ ન મૂકો.
- કોઈ વ્યક્તિને જુઠ્ઠાણાંની જિંદગી જીવવાની આદત આસાનીથી પડી શકે છે, વિશેષ કરીને જો તે આસપાસના સૌ લોકોને એ જ પ્રમાણે જીવતાં જોતી હોય.
- ખોટા ઉપદેશકોથી સાવધાન રહેજો ! તેઓ તમારી સમક્ષ ઘેટાંના વેશમાં આવે છે, પણ અંદરખાનેથી ભૂખ્યા વરુ હોય છે. તેમના વર્તનરૂપી ફળ ઉપરથી તમે તેમને ઓળખી શકશો. થોર ઉપરથી દ્રાક્ષ અથવા બાવળ ઉપરથી અંજીર ઊતરે ખરાં ? સારું ઝાડ સારાં ફળ આપે છે, પણ ખરાબ ઝાડ ખરાબ ફળ આપે છે. સારું ઝાડ ખરાબ ફળ આપી શકતું નથી, તેમ ખરાબ ઝાડ સારાં ફળ આપી શકતું નથી. જે ઝાડ સારાં ફળ આપી શકતું નથી તેને કાપીને અગ્નિમાં બાળી મૂકવામાં આવે છે. એટલે તમે તેમને તેમના વર્તનરૂપી ફળ ઉપરથી ઓળખી શકશો.
- ખોટા ખ્યાલો જે ઝડપભેર પ્રસરી રહ્યા છે, તેમને તેમની સાથે થતાં ઢોલનગારાંના શોરબકોરથી તમે આસાનીથી પિછાણી શકો છો. ખરેખરા સત્યને કોઈ સુશોભન કે શોરબકોરની જરૂર રહેતી નથી.
- તેમનાં રીતરિવાજો અને પરંપરાઓથી પાછળ હટીને લોકોને અકળાવવા એ ખરાબ છે, પરંતુ તમારા અંતરાત્મા અને બુદ્ધિમત્તાની જરૂરિયાતોને અવગણી ટોળાના રિવાજને અનુસરવા તે એનાથી પણ ખરાબ છે.

- ખોટી શરમ એ શેતાનની પ્રિય લાગણી છે. ખોટા ગૌરવ કરતાં પણ તે વધુ ખરાબ છે. ઘમંડ અનિષ્ટને ટેકો આપી શકે છે. પરંતુ ખોટી શરમ સારાઈને અટકાવે છે.
- સ્વીકૃત રીતરિવાજ અને પરંપરાઓથી જુદા ફંટાવું વિશાળ અને ગંભીર પ્રયત્નો માંગે છે, પરંતુ નવી બાબતોની સાચી સમજણ હંમેશાં આવા પ્રયત્ન માંગે જ છે.
- સત્યને સમજવા માટેના સૌથી મોટા અવરોધો એ સત્યના વેશમાં છુપાયેલાં જુઠ્ઠાણાં છે.
- વાસ્તવિક જીવનમાં ભ્રમણા ક્ષણભર માટે જ આપણા જીવનને બદલે છે, પરંતુ વિચારો અને બુદ્ધિના ક્ષેત્રમાં હજારો વર્ષો સુધી ગેરસમજોને સત્ય તરીકે સ્વીકારી લેવાય અને આખા ને આખા રાષ્ટ્રોને તે હાંસીપાત્ર બનાવે, મનુષ્યજાતિની ઉમદા ઇચ્છાઓને તે મૂંગી કરે દે, લોકોને ગુલામ બનાવે ને તેમને જુઠ્ઠું કહે. આ ગેરસમજો એવા શત્રુઓ છે, જેમની સાથે મનુષ્યજાતિના ઇતિહાસના સર્વશ્રેષ્ઠ મહાનુભાવોએ સંઘર્ષ કરવા પ્રયત્ન કર્યો છે. સત્યનું બળ અપાર છે, પરંતુ તેનો વિજય મુશ્કેલ છે. જો કે એક વેળા તમે આ વિજય પ્રાપ્ત કર્યો, તો પછી તેને કદી તમારી પાસેથી પરત લઈ શકાતો નથી.
- કોઈ વ્યક્તિને ગેરસમજોથી, ખોટાં સત્યોથી અને જુઠ્ઠાણાંઓથી મુક્ત કરવાથી તમે એની પાસેથી કશું લઈ નથી લેતા; તેનાથી તેને કશુંક મહત્ત્વનું મળે છે.
- મનુષ્ય જાતિની પ્રગતિ આપણાથી છુપા અવરોધોને ખુલ્લા કરવામાં છે. જુઠ્ઠાણાંનો પર્દાફાશ કરવો એ કમ્યૂનિટી માટે એટલા જ મૂલ્યવાન છે, જેટલું સ્પષ્ટપણે અભિવ્યક્ત કરેલું સત્ય મૂલ્યવાન છે.
- આપણે અતાર્કિક રીતે વિચારીએ છીએ એટલા માટે નહીં, પરંતુ આપણે આપણું જીવન ખરાબ રીતે જીવીએ છીએ એટલા માટે આપણને ગેરસમજો હોય છે.
- અજ્ઞાન બૂરાઈ તરફ નથી લઈ જતું, ગેરસમજો બૂરાઈ તરફ દોરી જાય છે. લોકો જાણે છે તે નહીં, લોકો જાણવાનો જે ડોળ કરે છે તે સમસ્યા રૂપ છે.
- ભૂખ્યાને ભોજન આપવું, વસ્ત્રહીનને કપડાં આપવાં, અસ્પતાલમાં માંદાઓની મુલાકાત લેવી, આ બધાં દયાપ્રેરિત કર્મો છે, પરંતુ એક એવું પરોપકારી કામ છે જેની આ બધાંની સાથે સરખામણી ન થઈ શકે, તમારા ભાઈને ગેરસમજ-માંથી મુક્ત કરવો.
- મનુષ્યનો એક દુર્ગુણ એ છે કે તે કેવળ પોતાને ચાહે છે અને તેને કેવળ પોતાના માટે સારાઈ જોઈએ છે. પરંતુ જે કેવળ પોતાને પ્રેમ કરે છે, તેને કેવળ દુઃખો જ મળે !
- જ્યારે તમારી પાસે સ્વતંત્રતા નથી, ત્યારે તમારી જિંદગી એક પ્રાણીની બની જાય છે.
- એવા કેટલાક લોકો છે, જેઓ બીજાઓ માટે નિર્ણયો લેવાની, તથા ઈશ્વર અને વિશ્વ સાથેનો તેમનો સંબંધ નિશ્ચિત કરવાની જવાબદારી લે છે. તો ઘણી મોટી બહુમતી ધરાવતા એવા લોકો પણ છે જેઓ આવી સત્તા બીજા લોકોને આપે છે અને તેમને જે કહેવામાં આવે છે, તે અંધશ્રદ્ધાથી સ્વીકારી લે છે. આ બંને જૂથના લોકો એકસમાન ગુનો આચરી રહ્યા છે.

---


માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર, ફોન (૦૨૬૯૨) ૨૩૮૪૦૦
Email:sgpatel1948@gmail.com


 ISSN 0976-9609

## ।। વૈભવ-વારસો પદ્ય વિભાગ ।।

### એંકાર મત કર !

**દાસી જીવણ**

ભૂલ્યા ભટકો છો બાર, મારા હંસલા,
કેમ ઊતરશો પારે ?
જડી હળદર ને હાટ જ માંડ્યું, વધી પડ્યો વેપારે,
સાવકાર થઈને ચડી ગયો તું, માયાને એંકારે.--મારા.

ભેખ લઈને ભગવાં પેર્યાં, ભાર ઉપાડયો ભારે,
ઈમાન વિનાનો ઉપાડી જાશે, લખ ચોરાશી લારે.-મારા.

લોભાઈ રિયો ને નજર ન રાખી, શીદ ચડ્યો'તો શિકારે?
માર્યો ન મૃગલો, માંસ ન ભરખ્યો,
શું મોહ્યો સંસારે?-મારા.

એંકાર મત કર આતમા, તું જોઈ લે મનને વિચારે,
દાસી જીવણ ભીમને ચરણે, પરગટ કહું પોકારે.--
મારા હંસલા, કેમ ઊતરશો પારે ?

### ચેતન ચેતજો !

**દાસી જીવણ**

ચેતન, ચેતજો રે,
આવ્યો મનુષા જનમ અવતાર,
સમરણ કર, જીવડા રે,
પ્રભુને ભજો તો ઊતરો પાર.
દૂધ પુત્ર ને બાંધવ બેની, ધીરે સકળવંતી નાર,
હરિ તૃષ્યાનાં એ ફળ પામ્યો, જમવા આપી ઝાઝી જાર.-ચેતન.
સેજ તળાયું ને અવલ ઓશીકાં, માયાનો નહિ પાર,
આંયાનું હશે તારું આંયા રે'શે લેવાનું નથી લગાર.-ચેતન.
હરિનામનું હાટ જ માંડો ને, ભક્તિનો કરોને વેપાર,
વિઠલ નામની વસ્તુ વોરો ને, તોલાં મેલો ટંકશાળ.-ચેતન.
ધીરપની તમે ઢાલું બાંધો ને, સતની બાંધો તરવાર,
શીલ સંતોષનાં બખ્તર પે'રોને માઈલા કાળિંગાને માર.-ચેતન.
કાયા કાગળ કેરી કોથળી ને, ભરિયો લોહા કેરો ભાર,
ભવ રે સાગરમાં બેડી બૂડવાને લાગી,
ગુરુજી ઉતારે ભવપાર.-ચેતન.
દેવાય તો ભાઈ, અન્નદાન દીજે ને ભર્યો રહે ગરથ ભંડાર,
દાસી જીવણ સત ભીમનાં ચરણાં, સત્યવચન સરદાર,
ચેતન, ચેતજો રે, આવ્યો મનુષા જનમ અવતાર.

### મનવા જોર દીવાના

**દાસી જીવણ**

મનવા જોર દીવાના મેરા ભાઈ,
પલમેં રંક રાજા હોઈ જાઈ,
અવળું બોત કરે અલુરાઈ.

ઘડી એક મન જોર કરી જાવે, ઘડી એક કરે ન કાંઈ,
ઘડી એક મન હકર્મી હરાડું, પછી દોઉ દિસ દોડયું જાઈ.

ઘડી એક મન મેગલથી મોટું, ઘડી એક બળમાં બોળાઈ,
ઘડી એક મન ચિતવણીમાં ચાલે, લિયે છત્રપતિની છાંઈ,

ઘડી એક મન ચાકડે ચડિયું, ઘડી એક ઠામ ઠેરાઈ,
ઘડી એક મન દાવો કરે દિલમાં, પછે માલ હરામી ખાઈ.

માન વડાયું મોટપ મેલ, મનવા, ખમતા કરી લિયો ખાઈ,
દાસી જીવણ સત ભીમનાં ચરણાં, સમરી લ્યો એક સાંઈ.
મનવા જોર દીવાના મેરા ભાઈ.

### આતમરામ જગાય

**વિલાયત**

ઘટમાં નાથુ માયલો નાથ, ત્યાં છે દુવારકાનો નાથ,
કાશી નહિ આવે સાથ, દૂરથી કરી લે પ્રણામ,
તનમાં આતમરામ જગાય
ત્યાં નહિ તરીએ, ઠાલા ફંદ શું કરવા કરીએ ?
શીદ ફરો ઠાલા પંથ ? ધીરે બેઠા સેવો સંત,
તે સુખ આપે રે અનંત, થાય તારા જીવનનું કલ્યાણ,
તનમાં આતમરામ જગાય.
કાશીએ પ્રાછત નવ જાય, ગોમતી ભલે નિત નાય,
પંડના પ્રાછત નહિ જાય, તનમાં છે ચારે ધામ,
તનમાં આતમરામ જગાય.
તીરથ ફરો નૌવે ખંડ, મુંડે મુંડે તુંને કરે દંડ,
બાળે તારી દેહી ઠાલે ફંદ, પછી દિયે કાયા માથે ડામ,
તનમાં આતમરામ જગાય
ઘટમાં પરિપૂરણ બ્રહ્મ, તેની ભલી ભાંગજો ભ્રમ,
સાંભળો વિલાયતનાં વચન, તેનું કોઈ ધરી જુઓ ધ્યાન,
તનમાં આતમરામ જગાય.

## ।। નવાં કાવ્યો ।।

**મન** (સોનેટ-છંદ-પૃથ્વી)

**નરેશ સોલંકી**

ધમાલ કરતું રહે મન સદા, ન સૂતું કદી
પ્રહાર કરતું રહે હ્રદયને, ન બેસે ઘડી
રમાડતું રહે વળી, મન ફરે ગમે ત્યાં જગે
બધું નજરમાં રહે સતત જગાડે જગે.

સદાય ભમતું રહે, મન જરાય શાંતિ નહીં
રહે રખડતું બધે જગતની દિશાઓ મહીં
મથો પકડવા અને જકડતું રહે એમ એ
જરા સુધરવા કહો બગડતું રહે એમ એ.

ઘડ્યો મનુષ દેહ જે,અદશ્ય અંગ એમાં રહે
મળે નહીં દવા ન થાય છે નિદાન તેનું કદી
ઈજા થઈ કદાચ રોગ કરપીણ એને થયો
નથી ખબર શું થયું, નજરમાં ન આવે ઝીણું.

પ્રગાઢ ચિત્ત શાંત છે ભજન જો થશે કોઈનું
હશે સકળ લોકમાં નયન માંડ ને શોધજે

**ગોદ માતપિતાની (ભૂજંગી-સોનેટ)**

**ભૂપેન્દ્ર વ્યાસ (રંજ)**

મળી ગોદ મારી જરી પુત્રને જ્યાં,
થયો શાંત એવો ક્ષણોમાં જ પોઢયો.
હતો બાળ હું ગોદ માતાપિતાની
મહીં શાંત થૈ પોઢતો બે ક્ષણોમાં

પિતામાતનો સ્નેહ બાળાપણામાં
મળ્યો એમની ગોદમાં શાંતિરૂપે.
અજન્માય જન્મે થઈ બાળ નાનાં
પિતામાતની ગોદમાં પોઢવાને.

મળી છે મને ગોદ તો કેટલીયે
વિના તાત મોરા, વિના માત મોરી,
બધી ગોદ લૂખી જ લૂખી જ લાગી.
ન ક્યાંયે મળી ગોદ માતાપિતા-શી

થયો પ્રૌઢ હું તોય ઝંખું હજીયે
પિતામાતની ગોદમાં પોઢવાને.

૨૦૧, બાલમુકુંદ કોમ્પલેક્ષ, રામેશ્વરપાર્ક, શેરી નં.૩,
રામેશ્વર ચોક, નાણાવટી ચોક પાસે, રૈયારોડ,
રાજકોટ-૩૬૦૦૦૭ (મો) ૬૩૫૨૨૪૩૬૧૯

**ના થયાં**

**હરીશ શાહ**

દ્વંદ્વમાં વાહક કદાપિ ના થયાં
દ્વેષથી અંગત કદાપિ ના થયાં

સંતની શોભા પ્રભાવિત હોય ના,
જ્ઞાનનાં બંધક કદાપિ ના થયાં.

ઉચ્ચ સ્થાને બેસવાનો અર્થ એ,
રંજથી આહત કદાપિ ના થયાં.

આ સમાધિ ભીતરે છે સંખ્ય શી,
તંતનાં ત્રાટક કદાપિ ના થયાં.

ધારવાનો ફાયદો બસ એટલો,
અંતમાં અનહદ કદાપિ ના થયાં.

છે સ્વયં સુવાસ દેહે એટલે,
પુષ્પનાં ચાહક કદાપિ ના થયાં...

Ph : +91-9879503362
email:hrrd60@gmail.com
12-A Krishnavally duplex, VIP Road,
Karelibaug, Vadodara-390018, India

**ગઝલ**

**આબિદ ભટ્ટ**

આંખ ના બોલી કશું કાગળ વિશે,
શું વિચારું હું હવે આગળ વિશે ?

પ્રાણ મૃગલાનાં હરીને શું મળ્યું ?
રણ નથી વાકેફ શું મૃગજળ વિશે ?

પર્ણ પૂછે ક્યાં ગયા મોતી બધાં ?
સૂર્ય હોઠે આંગળી ઝાકળ વિશે.

આંખમાં તો સાત દરિયા ઘૂઘવે,
માછલીઓ શીદ પૂછે જળ વિશે ?

નાવને ડૂબાડવામાં હાથ છે,
અબ્ધિ શું અણજણ એના જળ વિશે ?

નિર્ઝર, મદીના મસ્જિદ રોડ,
પોલોગ્રાઉન્ડ, હિંમતનગર-૩૮૩૦૦૧,
જિ.સાબરકાંઠા, (મો) ૯૪૦૯૦૩૨૧૩૦


ISSN 0976-9609

## ।। વૈભવ-વારસો ગદ્ય વિભાગ ।।

## આખ્યાનનું હાર્દ

ઈશ્વર પેટલીકર

પ્રહ્લાદનું આખ્યાન નાનપણમાં સાંભળતાં મને એ સંસ્કાર પડેલા કે હિરણ્યકશિપુ પાપી છે અને પ્રહ્લાદ પુણ્યશાળી છે. આજે એ આખ્યાન ફરી વાંચતાં પ્રહલાદની ભક્તિનો મહિમા એટલો રહ્યો. પણ હિરણ્યકશિપુ પ્રત્યે જે ધિક્કાર હતો તે ચાલ્યો ગયો. એણે પુત્ર ઉપર આટલો બધો અત્યાચાર કેમ કર્યો, તેનો વિચાર કરતાં મને નવું દર્શન થયું.

હજારો વર્ષ ઉપરના હિરણ્યકશિપુની વાત જવા દઈએ અને આજની જ વાત લઈએ. આપણે હિંદુ હોઈએ અને આપણને ખબર પડે કે આપણો દીકરો મસ્જિદમાં જઈને નમાજ પઢે છે, તો આપણે શું કરીશું ? આપણે મુસલમાન હોઈએ અને આપણો દીકરો શિવમંદિરમાં જઈ મૂર્તિને પગે લાગે, તો આપણે શું કરીશું ?

આપણા સમાજના એક હિંદુએ વીસમી સદીના આરંભે, મોટી ઉંમરે, શ્રદ્ધાપૂર્વક, કોઈ પણ જાતના સ્વાર્થ વિના ખ્રિસ્તી ધર્મ અંગીકાર કર્યો ત્યારે, આપણે શું કર્યું હતું ? એમનાં ખંડકાવ્યોથી ગુજરાતી સાહિત્યમાં જે અમર છે, તે કવિ 'કાન્તે' ખ્રિસ્તી ધર્મ અંગીકાર કર્યો, ત્યારે એમનો કેવો બહિષ્કાર થયો હતો ! બળવાખોર ગણાતા સાક્ષર બળવંતરાય ઠાકોરે એમના આ પગલાના વિરોધમાં લખી જણાવ્યું : આપણી મૈત્રીનો હવે અંત આવે છે !

આજે આપણને હાસ્યાસ્પદ લાગે કે કોઈ હિંદુ હોય કે ખ્રિસ્તી, મૈત્રીમાં શો બાધ આવે, ભલા ? તે કાળે આપણું સમાજજીવન એટલી ધાર્મિક દીવાલોથી જકડાયેલું હતું કે એની બહાર જઈને પ્રતિષ્ઠાભેર જીવવું અશક્ય થઈ પડતું હતું. કવિ 'કાન્ત'ને એ જ વાતાવરણની ગૂંગળામણથી પાછા હિંદુ થવું પડ્યું !

આ ભૂમિકાને સ્વીકારીને હજારો વર્ષ પહેલાંના ધર્મનાં બંધનોના ખ્યાલ કરીએ, તો હિરણ્યકશિપુનું પગલું સમજી શકાય તેવું છે. પુરાણકાળમાં ધર્મયુદ્ધો દ્વારા એક ધર્મ બીજા ધર્મ ઉપર પોતાની સર્વોપરિતા સાબિત કરવા પ્રયત્ન કરતો. એ કાળમાં અસુર કુળના હિરણ્યકશિપુનો દીકરો પ્રહ્લાદ આર્યકુળના ઇષ્ટદેવને ભગવાન માને, તે પિતાથી કેમ સહ્યું જાય ? પોતાનો મનપસંદ ધર્મ પાળવાનો એને હક છે, એમ સમજીને પ્રહ્લાદે પિતાની વાત માની નહીં, એટલે તે પુત્રને મારી નાખવા તૈયાર થયો. તેનું કારણ ધર્મઝનૂન છે. પોતાનો દીકરો પરધર્મી બને તે એનાથી સહી શકાતું નથી. આથી ધર્મઝનૂનમાં અંધ બની એ દીકરાનો નાશ કરવા તૈયાર થયો છે. હિરણ્યકશિપુ રાક્ષસ છે, પાપી છે, એ દૃષ્ટિએ જોવાનો અર્થ નથી. પરંતુ એ જમાનામાં ધર્મઝનૂન કેવું હતું તે જોવાનો પ્રયત્ન કરવામાં આવે, તો તેની નિર્દયતાને પામી શકાય.

આ ઝનૂન કેવળ અસુરોમાં હતું એવું પણ નથી, રામ જેવા આદર્શ રાજવીમાં પણ તે સંસ્કાર જોવા મળે છે. વનવાસ વખતે રાવણની બહેન શૂર્પણખા રામ-લક્ષ્મણ પાસે લગ્નની માગણી મૂકે છે. રામના કહેવાથી લક્ષ્મણ તેનાં નાક-કાન કાપી લે છે. રામમાં જે સંસ્કાર આપણે જોઈએ છીએ તે જોતાં, એ સ્થાને આર્યસ્ત્રી હોત તો એમણે એવી શિક્ષા ન કરી હોત. અસુરોનો નાશ કરવામાં કંઈ પાપ નથી, એવું આર્યઝનૂન ત્યાં જોવા મળે છે.

આજે પણ એવું ઝનૂન બીજી રીતે જોવા મળે છે. પોતાનો છોકરો કે છોકરી પરજ્ઞાતિમાં પરણવા તૈયાર થાય, તો એના ઉપર જોરજુલમના પ્રયત્નો હજુ ચાલુ છે જ. એક વખત દીકરી પરણી ગઈ હોય તે પછી પણ, એ લગ્ન મંજૂર ન રાખતાં તેને પૂરી રાખી એ પગલું ભૂંસી નાખવાના પ્રયત્નો થયા છે. એ રીતે પરણી ગયેલી દીકરી માટે ઘરનાં દ્વાર બંધ કરી વાત્સલ્યને કચડી નાખવાની હદ સુધી માબાપ ગયાં છે.

પ્રહ્‌લાદનું આખ્યાન પ્રથમ તો એ શીખવી જાય છે કે પિતાના ઇષ્ટધર્મ કરતાં પુત્રનો ઇષ્ટધર્મ જુદો હોઈ શકે. એ પાળવાનો પુત્રને સંપૂર્ણ હક છે, પિતાને એ અંગે વિરોધ કરવાનો હક નથી. એવી પ્રામાણિક માન્યતાને કારણે પુત્ર પિતાની આજ્ઞાનો અનાદર કરે, તો તે પુત્રધર્મ ચૂકે છે તેવું ન માનવું જોઈએ. આ બોધ કેવળ ધર્મના સ્થૂલ અર્થ પૂરતો મર્યાદિત રહે છે, એમ નહીં. કોઈ પણ માન્યતા અંગે પિતા પુત્ર વચ્ચે પ્રામાણિક મતભેદ ઊભો થાય, તો પુત્રને પોતાની માન્યતા પ્રમાણે વર્તવાની છૂટ છે. તે માટે પિતાનો ખોફ વહોરવો પડે, તો વહોરવા તૈયાર રહેવું જોઈએ.

એવો ખોફ ઉતારનાર વડીલોને હિરણ્યકશિપુનું પાત્ર સહિષ્ણુ થવાનો બોધ આપે છે. હિરણ્યકશિપુનું પગલું સાચું નથી એમ જો વડીલો માનતા હોય, તો પોતાના ઘરના પ્રહ્‌લાદના પ્રસંગ વખતે એમનાથી એવું પગલું ન ભરાય, એમ તેમણે સમજવું જોઈએ.

આમ તો આપણે બધા કહીએ છીએ કે, પ્રહ્‌લાદનું આખ્યાન અમે સાંભળ્યું છે, એ સાંભળ્યા છતાં જો દીકરાની ભિન્ન માન્યતા વખતે એને તેમ વર્તવાની સંમતિ સહિષ્ણુતાપૂર્વક ન આપીએ, તો આખ્યાનનું હાર્દ આપણે પામ્યા છીએ તેમ ન કહી શકીએ.

'અરધી સદીની વાચનયાત્રા'માંથી સાભાર

## ॥ વિદ્યાવૃત્ત ॥

**રાષ્ટ્રીય કક્ષાએ યુનિવર્સિટી યુથ ફેસ્ટિવલમાં નલિની કૉલેજનો વિદ્યાર્થી વિજેતા બન્યો.:** ચારુતર વિદ્યામંડળ સંચાલિત નલિની-અરવિંદ એન્ડ ટી.વી. પટેલ આર્ટસ કોલેજનો પ્રથમ વર્ષ બી.એ.નો વિદ્યાર્થી અમિત રાવજીભાઈ પરમાર સરદાર પટેલ યુનિવર્સિટીના ૨૦૨૩-૨૪ના યુથ ફેસ્ટિવલમાં મિમિક્રી સ્પર્ધામાં પ્રથમ આવ્યો, જેને કારણે તેની વેસ્ટ ઝોન ઇન્ટર યુનિવર્સિટી નાગપુર માટે પસંદગી થઈ. વેસ્ટ ઝોન નાગપુરમાં પણ અમિતે તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું. નાગપુર ખાતે વેસ્ટ ઝોનમાં તૃતીય સ્થાન મેળવી તેની નેશનલ ઇન્ટર-યુનિવર્સિટી પાંચ ઝોનની સ્પર્ધા માટે લુધિયાણા ખાતે તારીખ ૨૮/૦૩/૨૪થી તારીખ ૦૧/૦૪/૨૪ દરમિયાન પંજાબ એગ્રિકલ્ચર યુનિવર્સિટી ખાતે ૩૭મા નેશનલ યુથ ફેસ્ટિવલમાં પસંદગી થઈ. અમિત પરમાર પ્રજ્ઞાચક્ષુ હોવાને કારણે તેની સાથે ડૉ.મનીષ પ્રજાપતિ અને વિદ્યાર્થી વૈભવ લુધિયાણા સાથે ગયા હતા. ભારતના પાંચેય ઝોનના રાષ્ટ્રીય કક્ષાના યુથ ફેસ્ટિવલમાં પણ અમિત પરમાર મીમીક્રીમાં પ્રથમ આવ્યો.

ચારુતર વિદ્યામંડળના ચેરમેન ઇજનેર શ્રી ભીખુભાઈ પટેલ, માનદ સહમંત્રી શ્રી રમેશ તલાટી, શ્રી વિશાલભાઈ પટેલ, કોલેજના આચાર્ય ડૉ.બી.એમ. પરમાર, કોલેજના ઉપપ્રમુખ અને સાંસ્કૃતિક સમિતિના કન્વિનર ડૉ.ઉમા શર્મા તેમજ સમગ્ર નલિની પરિવાર અમિતને તેની અભૂતપૂર્વ સિદ્ધિ માટે આનંદ વ્યક્ત કરતા શુભેચ્છાઓ પાઠવી. ચારુતર વિદ્યામંડળના ચેરમેન શ્રી ભીખુભાઈ પટેલે અમિતને આ કલા પ્રોફેશન તરીકે બનાવીને એ દિશામાં મહેનત કરવા જણાવ્યું અને એ માટે જે કંઈપણ મદદ કરવાની થાય એ તમામ મદદ કરવા માટેની ભલામણ પણ કરેલ છે.

આ પ્રસંગે સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ શ્રી ડૉ. નિરંજનભાઈ પટેલે પણ અમિતને ખૂબ શુભેચ્છાઓ પાઠવી. શ્રી ગુરુસેવક સિંઘે અમિતને આ દિશામાં મહેનત કરવા જણાવ્યું. અમિત પરમારની સૌથી વિશેષ ધ્યાન ખેંચનારી બાબત એ છે કે આ વિદ્યાર્થી પ્રજ્ઞાચક્ષુ હોવા છતાં ખૂબ જ ઉમદા કલાકાર છે. સાથે સાથે ખૂબ જ સામાન્ય પરિવારનો દીકરો છે કે જેની માત્ર માતા જ આધાર છે. ઈશ્વરે અમિતને કલાના કૌશલ્યથી એટલો સભર બનાવ્યો છે કે તે તરત જ માત્ર પ્રાણીઓ કે માણસોની જ આબેહૂબ નકલ કરી શકે છે એવું નથી. તે ગમે તે વસ્તુની ક્ષણભરમાં આબેહૂબ નકલ કરી શકે છે. ભવિષ્યમાં આ વિદ્યાર્થી આંતરરાષ્ટ્રીય કક્ષાએ ખૂબ જ શ્રેષ્ઠ મિમિક્રી આર્ટિસ્ટ બનવાની ક્ષમતા ધરાવે છે.


ISSN 0976-9609

## ।। લઘુકથા-૧ ।।

### ખંડિત

**પ્રફુલ્લ રાવલ**

બસ, ઊડતી ધૂળ સિવાય બહાર કશું દેખાતું નહોતું. હા, રાત્રે આકાશ જોવાની મઝા આવતી. એમાંય અમાસનું આકાશ તો મન ભરી દેતું. ધરા પર તો સહુ અલગ અલગ હોય, પણ આકાશમાં ગ્રહ-તારકોની ગોષ્ઠિ ચાલતી. મન પ્રસન્નતામાં તરતું રહેતું.

આજે અમાસ હતી. જ્યારથી રણના છેક છેવાડાના ગામમાં એની બદલી થઈ ત્યારથી એનું જીવન પણ અમાસ જેવું જ બની ગયું હતું. ધરતી સાવ સુક્કી, મન સુક્કું ને અધર...

એને કોઈની સાથે વાત કરવાનું ગમતું નહોતું. લોકો પ્રેમાળ ખરા પણ બોલવે તોછડા. એનું મન તો અન્ય વિચારમાં અટવાતું રહ્યું હતું. આજે એ સ્કૂલેથી આવી એમ જ બેસી રહ્યો. એમ જ અંધારું થવા માંડ્યું. એ પણ એને નહોતો દેખાતો અને... અચાનક એને લાગ્યું કે ભીંત પર એક છાયા છે. એને યાદ આવી ગઈ ઈકા. એણે મોબાઈલમાંથી રિંગ કરી. અવાજ ચોખ્ખો હતો પણ આછું કંપન લાગતું હતું. વાત ટૂંકાવીને એણે કહેલુંઃ એકલો હતો ને તારી યાદ આવી એટલે રિંગ કરી. સામે સંભળાયુંઃ 'ગમ્યું' જાણે તૂટેલો ધ્વનિ ! થોડીવાર એ બોલતો રહ્યોઃ ગમ્યું ગમ્યું ગમ્યું...'

ત્યાં બહાર ઢોલ ઢબૂક્યો ને એનામાં પ્રસન્નતા વ્યાપી વળી. એ ઊભો થયો. આછા સ્મિત સાથે એણે લાઈટ કરી તો ભીંત પર એનો પડછાયો દેખાયો - કે ખંડિત. ખંડ સાથે એ પણ પ્રકાશિત તો થયો. પણ ખંડિત.

બી-૧૨, માધવ એપાર્ટમેન્ટ,
મ્યુનિસિપલ ગાર્ડન સામે, વાસણા,
અમદાવાદ-૭ (મો) ૯૮૭૯૦૧૩૧૭૦

## ।। વિદ્યાવૃત્ત ।।

### આઈસ્ટાર કોલેજના ઇન્ડસ્ટ્રિયલ કેમિસ્ટ્રી ડિપાર્ટમેન્ટના વિદ્યાર્થીઓને MISA દ્વારા શિષ્યવૃત્તિ

ચારુતર વિદ્યામંડળ સંચાલિત અને સીવીએમ યુનિવર્સિટીની ઘટક સંસ્થા આઇસ્ટાર કોલેજના ઇન્ડસ્ટ્રિયલ કેમિસ્ટ્રી ડિપાર્ટમેન્ટમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ કિશન સુથાર અને પ્રદીપ પુરીને એમ.એસસી. ઇન્ડસ્ટ્રિયલ કેમિસ્ટ્રી સ્ટુડન્ટ્સ એસોસિએશન (MISA) દ્વારા રૂ. ૨૦,૦૦૦/- પ્રતિ વિદ્યાર્થી શિષ્યવૃત્તિની આર્થિક સહાય મળી હતી. MISA ની સ્થાપના ઇન્ડસ્ટ્રિયલ કેમિસ્ટ્રી ડિપાર્ટમેન્ટના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા ૨૦૧૦માં કરવામાં આવી હતી. MISA દ્વારા દર વર્ષે ડિપાર્ટમેન્ટમાં અભ્યાસ કરતા અને આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિની સહાય આપવામાં આવે છે. ઉપરોક્ત શિષ્યવૃત્તિ આઈસ્ટાર સંસ્થાના વાર્ષિકદિન નિમિત્તે ચારુતર વિદ્યામંડળના ચેરમેન ઈજનેર શ્રી ભીખુભાઈ પટેલ તથા MISA ના સેક્રેટરી બ્રિજેશ પરીખના વરદ્ હસ્તે એનાયત કરવામાં આવી હતી. આ સિદ્ધિ બદલ આઇસ્ટાર કોલેજના પ્રિન્સિપાલ ડો.એમ.એમ.રાજ તથા કોલેજ સંયોજક ડો.જીગર પટેલ દ્વારા ઇન્ડસ્ટ્રિયલ કેમિસ્ટ્રી ડિપાર્ટમેન્ટના હેડ ડો. રોહિત દવે તથા શિષ્યવૃત્તિ મેળવનાર વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

## || લઘુકથા-૨ ||

### ભેટ

**પી. એમ. લુણાગરિયા**

મોટા ભાગનું રાચરચીલું, જરૂરી માલસામાન જાણીતી પેકર્સ એન્ડ મુવર્સ કંપની મારફત બદલીના સ્થળે ગઈકાલે જ મોકલી આપ્યો હતો. ત્યાંના સ્ટાફને પણ આશુતોષે જરૂરી સૂચના ફોન પર આપી દીધી હતી. અહીં નાની મોટી વિદાયપાર્ટીનો સિલસિલો ચાલુ હોવાથી હું અને આશુતોષ બે દિવસ રોકાયા હતા. ગઈકાલે કંપનીનો ટ્રક રવાના થયા પછી કામવાળી બાઈ કમુ પાસે આખું મકાન વાળીચોળીને ચોખ્ખું કરાવ્યું હતું. બાદમાં મગ, ચોખાથી સાથીઓ પૂરીને દીવો પ્રગટાવ્યો હતો. મન ભાવુક થઈ ઊઠ્યું હતું. આંખોમાં ભીનાશ ફરી વળી હતી. હજુ થોડો બિનજરૂરી સામાન, રસોઈકામની નાની-મોટી ચીજવસ્તુઓનો ખૂણામાં ઢગલો પડ્યો હતો. કમુએ એ તરફ મારું ધ્યાન દોરતા કહ્યું હતું. "મેડમ, આ બધો સામાન હવે કેવી રીતે લઈ જશો ?"

"એ બધું ત્યાં નથી લઈ જવાનું, તને ગમે તો એ બધું તું લઈ જજે." મારી વાત સાંભળીને કમુનો ચહેરો હસી ઊઠ્યો હતો. હરખથી બોલી પડી હતી. "સાચે જ ? આ બધું તો સરસ, સાજું સમું અને કામની વસ્તુઓ છે."

હા, એ બધું તારા માટે રાખી મૂક્યું છે. મેં ભારપૂર્વક કહ્યું હતું. સાંભળીને કમુ જાણે કે હર્ષઘેલી થઈ ઊઠી હતી ! બધું કામ પૂરું કરીને કમુએ વિદાય લીધી ત્યારે ચાલુ અધૂરા મહિનાનો પૂરો પગાર અને બોનસની રકમ તેના હાથમાં મૂકી હતી. કમુ ભાવુક થઈ ઊઠી હતી.

સાંજે એનો ધણી રાજી થતો થતો આવ્યો અને રેકડી પર બધો સરસામાન લઈ ગયો હતો.

બીજા દિવસે બપોર બાદ અમે કારમાં બેસીને વિદાય લેવાની તૈયારી કરતા હતા. કમુ દોડતી આવી પહોંચી હતી. મને થયું : કદાચ આશુતોષ પાસેથી પણ કશુંક મેળવવાની અપેક્ષા હશે. મારું મન ખાટું થઈ ગયું. "આ લાલચુ લોકોને ગમે એટલું આપો. સંતોષ જ નહીં."

મેં વિન્ડોગ્લાસ ખોલીને અણગમાથી તેની તરફ જોયું. તેણે થેલીમાંથી ભરત ગૂંથેલ મોટો રૂમાલ કાઢ્યો. મારા તરફ લંબાવતા કશુંક બોલી, કશું સમજાયું નહીં. તેના ગળે ડૂમો બાઝયો હોય એમ લાગ્યું. હા, તેની આંખમાંથી આંસુ સરી રહ્યા હતાં. હું કશું બોલું એ પહેલા બે હાથ જોડીને ઝડપથી તે દૂર જતી રહી હતી.

આશુતોષે ભારે હૈયે કાર ચાલુ કરી. મેં રૂમાલ પર નજર કરી. રૂમાલની વચ્ચે "ઉમા-આશુતોષ" નામ ભરતથી ગૂંથેલ હતું. એ બે નામ વચ્ચે ગણેશનું ચિત્ર ગૂંથેલ હતું. અચાનક ઊંડેથી કશુંક ઈન્દ્રિયાતીત અનુભવાયું હતું. મારો હાથ પેટ પર ફરી રહ્યો હતો અને હું આંખો મીચીને ભાવસમાધિમાં સરી પડી હતી.

ટાઈટન-૫૪, ફ્લેટ નં. સી-૪૦૨,
રિલાયન્સ મોલ પાછળ, સિલ્વર સ્ટોન મેઇન રોડ,
રાજકોટ-૩૬૦૦૦૧, (મો) ૭૬૯૮૧૬૦૧૬૦

Life is a beautiful journey that is meant to be embraced to the fullest every day. However, that doesn't mean you always wake up ready to seize the day, and sometimes need a reminder that life is a great gift.

 ISSN 0976-9609

## ।। અભ્યાસ ।।

## રઘુવીર ચૌધરી કૃત 'અમૃતા' નવલકથામાં ભારતીયતાના અંશો

**પ્રવીણભાઈ ભીખાભાઈ વજીર**

**પ્રસ્તાવના :**

અત્યારના સમયમાં પશ્ચિમી દેશોની સંસ્કૃતિ, રહેણીકરણી, ધર્મ, વિચાર વગેરેની ઘેલછા ભારતની પ્રજાના માનસ પર સવાર થતી જાય છે. ભારતીય સંસ્કૃતિ પોતાનો ઇતિહાસ ગુમાવતી જાય છે. આ માટે તે પ્રત્યે સજાગ કરવાની કલ્યાણકારી ભાવનાને વ્યંજિત કરવા સત્યની આવશ્યકતા છે. આંધળું અનુકરણ આપણે બંધ કરવું પડશે. વિશ્વની સંસ્કૃતિ ઉદ્‌ભવી અને નાશ પામી, પરંતુ ભારતીય સંસ્કૃતિ આજે પણ સદીઓથી પોતાની પરંપરા જાળવતી આવી છે.

અર્વાચીન સમયમાં ભારતની જુદી જુદી ભાષાઓના અનેક સર્જકોએ પોતાના સાહિત્ય દ્વારા ભારતીયતા પ્રગટાવવાનો ભગીરથ પ્રયત્ન કર્યો છે. જેમાં ગુજરાતીમાં મધ્યકાળમાં નરસિંહ મહેતા, મીરાંબાઈ, અખો અને પ્રેમાનંદ તો અર્વાચીન સમયમાં નવલરામ પંડ્યા, ધ્રુવ સાહેબ, કવિ કાન્ત, બ.ક.ઠાકોર, મેઘાણી, ઉમાશંકર જોશી, રઘુભાઇ ચૌધરી જેવા અનેક સર્જકોએ પોતાના સાહિત્યમાં ભારતીય ભાવનાને આલેખવાનો પ્રયત્ન કર્યો છે.

### 'અમૃતા' : ભારતીયતાના સંદર્ભમાં

રાજકીય ઉથલપાથલના કારણે સામાજિક અને સાંસ્કૃતિક પરિબળોમાં પરિવર્તન આવે તે સ્વાભાવિક છે. અને તેની અસર સમાજ અને સાહિત્ય પર પડે તે સ્પષ્ટ છે. ભારત પણ આ પરિસ્થિતિમાંથી બચ્યું નહોતું. ભારતની આઝાદી, કોમી તોફાનો, જંગી હિજરત, મહાત્મા ગાંધીની હત્યા જેવા આઘાતજનક બનાવો બની રહ્યા હતા. ભારતના નવોત્થાનમાં વિજ્ઞાન અને યંત્ર ઉદ્યોગોનો પ્રભાવ વધ્યો. નગરસંસ્કૃતિ વિકસી અને યુરોપની માફક ભારતમાં પણ નગર સંસ્કૃતિના પ્રભાવે આધુનિકતાના રૂપે પરિવર્તનનો પવન ફૂંકાવા લાગ્યો.[૧]

'અમૃતા' ૧૯૬૫માં પ્રગટ થયેલી. એ સમય પણ પશ્ચિમના આધુનિકતાવાદી વિચારવલણનો હતો. ભારતીય બુદ્ધિજીવી વર્ગ એ સમયે વૈચારિક કટોકટીનો સામનો કરી રહ્યો હતો. પૂર્વ અને પશ્ચિમની પ્રજાના વર્તમાન સાંસ્કૃતિક સંગઠનને કારણે ભારતીય પ્રજામાનસ જે રીતે ડહોળાયેલું છે, ઉચ્ચ શિક્ષણ, વૈચારિક સંપત્તિ પામેલા લોકોના મનમાં જે સમસ્યાઓ અને સુવિધાઓ ઊભી થઈ છે, તેનો ઉકેલ શોધવાની મથામણ આરંભાઈ છે.

સ્ત્રી-પુરુષના પ્રેમસંબંધને લગતા પ્રશ્નોના નિરાકરણ કરતી નવલકથા છે. તેમાં ત્રણ પાત્રો અમૃતા, ઉદયન અને અનિકેત. ઉદયન વર્તમાનમાં બહુ માને છે. તેને ભૂતકાળમાં રસ નથી. અનિકેત અતિત અને ભવિષ્ય બંનેમાં માનતો યુવાન છે. અમૃતા સમયનું વિભાજન કરતી નથી. સમયને એ શાશ્વત માને છે. ઉદયન કહે છે 'આપણે પોતાના અસ્તિત્વને વફાદાર રહીએ તે જરૂરી છે' ત્યારે અનિકેત કહે છે 'મારું લક્ષ્ય પણ વફાદારી છે.' કેવળ પોતાના તરફની નહીં, સમગ્ર તરફની. આ બંને વચ્ચે અમૃતા દ્વિધામાં ઝોલા ખાય છે કે કોને વરવું ?

અમૃતા શ્રીમંત પિતાની એકની એક દીકરી છે, તેને બે ભાઈ છે. ઉદયન શાળાકીય જીવનથી તેને મદદ કરતો આવ્યો છે. તેની મદદથી જ ઉદયન કોલેજનો અધ્યાપક છે. તો અનિકેત મુંબઈની કોલેજમાં વિજ્ઞાનનો અધ્યાપક છે.

અમૃતા સંયુક્ત કુટુંબમાં રહે છે. તે ભારતીય સમાજની એક વિશેષતા છે. તેમાં ભારતીયતાના દર્શન થાય છે. ત્રણે પાત્રો એકલાં અને સ્વતંત્ર રહેતાં હોવા છતાં એકબીજાની સાથે રહેવાની અપેક્ષા સેવે છે. તેમાં સહકારની ભાવનાની ઝાંખી થાય છે.

અનિકેતનું પાલનપુર ચાલ્યા જવું અને

પાછા ફર્યા પછી સમુદ્રતટે એક દિવસ અમૃતા અને ઉદયન વચ્ચે ચર્ચા થાય છે. જેમાં અમૃતા ઉદયનને સુધરવાનું કહે છે ત્યારે ઉદયન કહે છે 'એમ કરવાથી હું શું હાંસલ કરવાનો છું?' અમૃતા કહે છે કે 'મને મેળવીશ.' ત્યારે ઉદયન કહે છે, 'એટલે હું મારા વ્યક્તિત્વને ગીરો મૂકાવી પછી પોતાની સાથે મને પરણાવી દેવા માંગે છે ? તું મને સમજતી નથી'. ત્યારે અમૃતા કહે છે - 'સમજતી ભલે ન હોઉં, ચાહું છું.'

અહીં અમૃતાના પાત્રમાં વચનપાલનની નિષ્ઠા અને એકવચનીપણું જોવા મળે છે. પોતાના પ્રેમના ભોગે પણ ફરજ બજાવવાની નિષ્ઠા અને ત્યાગની ભાવના આમાં ભારતીયતા સ્પષ્ટ દેખાય છે. અમૃતા અંતે તો સહવાસ ઝંખે છે તે અનિકેતને મનોમન ચાહે છે, તે ઉદયનને વશ થતી દર્શાવી છે. તેનામાં રહેલી માતૃત્વની ઝંખના અને ઉદયનને પ્રેમથી ધરવી દેવાની ભાવનામાં ભારતીય નારીનાં દર્શન થાય છે.

'પ્રેમ એટલે ત્યાગ' આવી ભારતીય ભાવના અનિકેતના પાત્રમાં જોવા મળે છે. સ્ત્રીદાક્ષિણ્યની ભાવના અનિકેતમાં જોવા મળે છે. સ્ત્રીને માન આપવું, મર્યાદા જાળવવી આવા વિચારો અનિકેતમાં જોવા મળે છે. અહીં ત્રણે પાત્રોનો પ્રેમ વ્યક્ત છે. અમૃતા સમજાવે છે કે કેવળ સ્વાતંત્ર્ય પૂરતું નથી. સંવાદિતા અને સ્નેહ પણ જોઈએ. ઉદયનને પણ સમજાવે છે કે સ્વતંત્ર વ્યક્તિ એ જ ચરણ સત્ય નથી. સંસારમાં બધાં પરસ્પર સંકળાયેલાં છે. કોઈ એકલું નથી. જીવવા માટે પણ માણસને અનેકની જરૂર પડે છે. પ્રેમ ભ્રમણા નથી. મૌગ્ધ્ય નિર્બળતા નથી. પ્રેમ મૃત્યુ ઉપર પણ વિજયી નીવડે છે. અનિકેતને તે પણ સમજાયું છે કે સાચી નિરપેક્ષતા સિદ્ધ કરવી કેટલી કઠિન વાત છે. [૨]

પ્રેમીને પ્રાપ્ત કર્યા વિના પણ પ્રેમ પ્રાપ્ત થઈ શકે. પ્રેમ અને પ્રેમી એ અવિભાજ્ય ઘટક નથી. પ્રેમમાં રહીને વેદના ઓછી કરવી એ કાયર માણસોનું કામ છે. વેદના તો આપણી કરોડરજ્જુ છે. નિષ્ઠુરતાથી આક્રાંત થઈને નારી કદી રડતી નથી. બીજાએ આપેલા દુઃખથી એ રડતી નથી, રડવા માટે એનું પોતાનું દુઃખ પૂરતું હોય છે. આવાં ઉપરોક્ત અનેક વાક્યોમાં આધ્યાત્મિકતા જોવા મળે છે.

આખીયે નવલકથામાં પરંપરા તોડવા મથતા અને સ્વતંત્રતા ઝંખતા પાત્રોને અંતે ભારતીય વિચારોને આધીન થતા દર્શાવ્યા છે. આખીય કથા ભારતીયતાના મૂળભૂત વિચાર ઉપર જ ચાલે છે. આપણા સંસ્કારો, સંસ્કૃતિ, કુટુંબ, સમાજ એ જ આપણા જીવનનો આધાર છે. એના વિના જીવન અધૂરું છે. આખી કથાનો પાયાનો વિચાર ભારતીયતા અને સંસ્કૃતિ પ્રમાણેના જીવનની અનિવાર્યતા એ બની રહે છે.

**સંદર્ભ :**


૧. અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા - (આધુનિક અને અનુઆધુનિક પ્રવાહો) ધીરુભાઈ ઠાકર, ઈ.સ. ૧૯૯૫ પૃ.૪૭

૨. અમૃતા- રઘુવીર ચૌધરી ઈ.સ. ૧૯૯૫ પૃ-૩૧૯-૩૨૦



પીએચ.ડી. રિસર્ચ સ્કોલર
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,
પાટણ, (મો) ૯૪૨૭૫૧૨૧૯૧
ઈ-મેઈલ-pravinvajir@gmail.com


"A book is the most effective weapon against intolerance and ignorance." **- Lyndon B.**

I am never in control of what happens around me, but I am always in control of what happens within me.




ISSN 0976-9609

## ॥ વાર્તા ॥

## નસીબ એનાં

**મનુભાઈ પરમાર**

રોજની જેમ વહેલું જાગી જવાયું. પાણિયારે જોયું તો દાતણ નહીં ! મનમાં થયું 'રે ભૂંડી ભૂલકણી જાત ! ચાર્યના પોટલામાં કાલે દાતણ મૂકેલાં તે ડોબાની ગમાણમાં નીરી દીધાં કે શ્યું ? આવા ને આવા વેતા. પણ થાય શ્યું ? વૈતરાં એટલાં કે સૂરજ નારાયણની હારોહાર દોડવું પડે. એકલી જાતે ક્યાં ક્યાં થવું ?'

ગમાણમાંથી દાતણ તો મલ્યાં પણ ડોબે પાંદડાં ખાતાં છાલ પણ ઉખાડી નાખેલી. ભડભાંખળું થવા આવતાં સાવરણી ફેરવી, પાણિયારું ભર્યું, દૂધ વગરની બોડી ચાની રકાબી મોંઢે માંડું ના માંડું ને ધણી જાગ્યો. ધણી એટલે કકળાટનો કબીલો ને રીસનું જાળું ! દાતણ નહીં જુએ તો સવારના પહોરમાં મોકાણ માંડશે એમ જાણીને પડોશમાંથી સારું દાતણ માગ્યું. પડોશણે વડચકું ભર્યું, "આખો દહાડો સીમ શેઢે રખડો સો તો ય દાતણ અમારે ન્યાં. હારાં માંણહ સો કે ઢોર ! હવાર પડ્યું નહીં ને માગણું ચાલુ !"

'હશ્યે મારી બાંન ! તારો ટેમ સે બોલવાનો ને મારો ટેમ હાંભરવાનો સે.' મનમાં થયું. 'આ પડોશણનું બોલેલું તો કંઈકેય માપમાં પણ આવોય આ બોલે તો કાનમાંથી કીડા ખરી પડે !'

જેમતેમ કરીને કાળી ચાની રકાબી તૈયાર કરી ત્યાં તો ઘરચ્યું આવ્યું, "હવારના પોરમાં આ તારા ડાચા જેવી કાળી ચા આગળ ધરતાં શરમાતી નહીં ! આખો દહાડો બાતલ જાય સે. ઉઠાય અહીંથી આ મૂતર જેવું નકર ભોડામાં મેલીશ ને !" ધણીપણું આંખો તતડાવ્યે જતું હતું. લાચારી ચૂલાના તાપે બાજુમાં બેઠી પરસેવાની આડમાં રડી રહી હતી.

આ બધું રોજનું થયું. ભૂખ, દુઃખ, અછત, અણગમા, અવહેલના, ઢસરડા, રોગ, દોગ...

'મૂઓ ભૂછ્યો કાંમે જશે એના કરતાં રોટલો ઘડી આલું' મનમાં થઈ આવ્યું. વળી મન વારતાં થયું 'કંઈક કરોધનો માર્યો મારી બેહે તો લોક તમાહા જોશે. એની મેળે ભૂછ્યો થશે તો કહેશે. ગલકાનું શાક ને બાજરીના રોટલા. વાર ચેટલી ?'

છોકરાં જગાડ્યાં. માથામાં પાણી નાખી વાળ ઓળી નિશાળે કાઢ્યાં. વાસીદું વાળ્યું. થાકી જવાયું. ઉધરસ આવી. શ્વાસ ચડતો હોય એમ લાગ્યું. 'પાણી પી લઈએ તો હારું લાગે. સ્હેજ મોરસ ફાકી લેવાની. દાંતે છીંકણી ઘસહ'તી એટલે તો આંમ નૈં થતું હોય ને ? આંખે આંતરી પડતી હોય એમ ચ્યમ લાગેસ ? એનાં મરે એનાં આ કાંનમાં તમરાં બોલતાંય બંધ નહીં થતાં.' ઉધરસ વધતી જતી હતી. કળ વળતી નહોતી. ખૂણામાં લંબાવ્યું. ઓઢું તો ધખારો. ના ઓઢું તો ટાઢ વાય. છોકરાં નિશાળેથી મધ્યાહ્નનું કશુંક ખાવાનું લાવે તો મોં સારું થાય.

કો'ક જણને ફળિયામાં બોલતો સાંભળ્યો ને ધણી આવવાનો વહેમ પડ્યો. 'હમણાં મૂઓ કો કરશ્યે. લાવ્ય શાક મૂકીને રોટલો ઘડી લઉં. ગલકાના શાકને ચડતાં વાર શી ? મૂઈ આ ઉધરસ જીવ લેવા આઈ સે. કળ વળવાનું નામ નહીં !'

નિશાળમાં સરકારી દવાખાનાનાં સિસ્ટર આવ્યાં હતાં. છોકરાંએ કહ્યું કે મા બવ બીમાર રે'સે. ઉધરહ થૈ ગૈ સે. બહેન કીટ લઈને પહોંચ્યાં. ટેસ્ટ માટે નમૂના લીધા અને નિદાન થયું કે ટી.બી છે. મટી જવાની સો ટકા ગેરંટી પણ છ માસ દવા નિયમિત ખાવી પડે. પૌષ્ટિક ખોરાક અને આરામ જરૂરી છે.

બોજ બની ગયેલી બાયડીનો ધણીએ એક ઉપાય કાઢ્યો... સિવિલમાં થઈ જાય દાખલ. આંય કોણ ચાકરી કરે ? ન્યાં ખાવું પીવું મફત સે. દવાય થાય. જીવે તો ખરી નકર નસીબ એનાં !

ડી.વી.પટેલ હાઈસ્કૂલ, આશી-૩૮૮૧૩૦,
તા.પેટલાદ, જી.આણંદ
(મો) ૯૭૨૪૧૩૭૭૯૮, ૮૨૦૦૯૧૩૫૧૨

|| પ્રાસંગિક ||

## કોપી રાઈટ ડે

**મિહિર એમ. વોરા**

મિત્રો, વિશ્વમાં ૨૩ એપ્રિલના રોજ ૧૦૦ થી વધુ અન્ય દેશોમાં વિશ્વ પુસ્તક દિવસ કે કોપીરાઈટ દિવસ ઉજવાય છે. આ વર્ષની થીમ 'રીડ યોર વે' છે. આ થીમ વાચન પ્રત્યેનો પ્રેમ વધારવામાં પસંદગી અને આનંદના મહત્ત્વ પર ભાર મૂકે છે. લોકડાઉનના દિવસો વચ્ચે જો કોઈ માનુષનો સાચો મિત્ર બન્યો હોય તો તે પુસ્તક. સાચું જ્ઞાન અને સાચો માર્ગ, સાચા મિત્રો અને સાચાં સારાં પુસ્તકો જ આપી શકે છે.

જાણીતા ગુજરાતી ચિંતકે કહ્યું છે તેમ જે ઘરમાં પાંચ સારાં પુસ્તક ન હોય તે ઘરમાં દીકરી ના આપશો તે ઉક્તિ પુસ્તકનું મહત્ત્વ વ્યક્ત કરે છે. વ્યકિતની વિચાર-દુનિયા વિકસાવવા અને સાચો માનવ બનાવવા પુસ્તક એ જ્ઞાનનું પહેલું પગથિયું છે. ગાંધીજીએ કહ્યું છે કે "પુસ્તકનું મૂલ્ય રત્ન કરતાંય અધિક છે. બહારની રત્ન બતાવે ચમક પુસ્તક અંદરની ચમક કરે છે.."

૨૩ એપ્રિલ સમગ્ર વિશ્વમાં વિશ્વ પુસ્તક દિવસ તરીકે ઉજવાય છે. આ દિવસ મહાન લેખક અને નાટ્યકાર વિલિયમ શેક્સપિયરનો જન્મ દિવસ અને મરણ દિવસ છે. આ દિવસ કોપીરાઈટ ડે તરીકે પણ મનાવાય છે. યુનેસ્કો, પબ્લિસિંગ તથા કોપીરાઈટ-ના પ્રચાર હેતુ મિત્ર લોકડાઉનમાં ખરેખર પુસ્તકો જ સાચા મિત્રો બન્યાં છે. ઉપરાંત પુસ્તક એ પણ સાચું મિત્ર બન્યું છે.

આ દિવસની ઉજવણી થાય છે, અને લોકોમાં પુસ્તકો વાંચવા પ્રત્યેની જાગૃતિ આવે એ વિશ્વ પુસ્તક દિનની ઉજવણીનો હેતુ છે. સમગ્ર વિશ્વમાં વિશ્વ પુસ્તક દિનની ઉજવણીમાં પ્રકાશનો પણ ભાગ લે છે અને લેખકો પ્રત્યેની તેમની લાગણી પ્રદર્શિત કરે છે. જીવનમાં પુસ્તકો ખૂબ જ મહત્ત્વ સ્થાન ધરાવે છે.

વિવિધ સંસ્કૃતિઓનો પરિચય આપણને પુસ્તકો વડે જ પ્રાપ્ત થાય છે. કંઈક નવું શીખતા રહીએ છીએ જ્યારે આપણે પુસ્તકોના સહવાસમાં આવીએ છીએ. આજે બધા લોકોના પુસ્તકો ઈન્ટરનેટમાં છે. યુવા લેખક નિરવ શાહ બહુ સરસ વાત કરે છે કે આજે આંગળીના ટેરવે અસંખ્ય પાનાંઓ ઈન્ટરનેટ પર વિનામૂલ્યે મળે છે. પણ હાથમાં પુસ્તકને પકડીને આંગળીને જીભ વડે ભીની કરીને પાનાં ફેરવવાની મજા આ સ્ક્રીન પરના પુસ્તકોમાં નહિ જ આવે, ટેકનોલોજી સામેનો કોઈ વિરોધ નથી પણ પેલા પુસ્તકોમાંથી આવતી સુગંધનો અધિકાર કોમ્પ્યુટર સ્ક્રીન કયારેય નહિ આપે. વાંચતા વાંચતા પાનાં ને ચોપડીઓના પુસ્તકો વાંચતા વાંચતા આપણે મનમાં એક પોતાનું ભાવ વિશ્વ ઊભું કરીએ છીએ.

અને પછી એની સાથે વિચારીએ છીએ, કયારેક રડીએ છીએ, કયારેક છલોછલ હસીએ છીએ તે દગો નથી આપતા. એ વર્ષો પહેલા અને વર્ષો પછી પણ પોતે કહેલા શબ્દો જ કહે છે એ સહેજ પણ બદલાતા નથી. જરૂરિયાતની પ્રાથમિક જિંદગીની વાત ગુજરાતી પુસ્તકોની હોય કે બીજી કોઈ પણ ભાષાની, શરત એ છે કે એ પુસ્તકો વંચાવા જોઈએ.

રતિલાલ બોરીસાગર, ભોળાભાઈ પટેલ, ઈશ્વર પેટલીકર, કનૈયાલાલ મુન્શી, મુન્શી પ્રેમચંદ, ગોવર્ધનરામ ત્રિપાઠી, કવિ ઉમાશંકર જોષી, રાજેન્દ્ર શુકલા, ચંદ્રકાંત બક્ષી, વિનોદ ભટ્ટ, શેક્સપિયર, રમેશ પારેખ અને ગુણવંત શાહ જેવા અનેક રચનાકારની રચનાઓ વાંચીએ છીએ ત્યારે સમજાય છે કે વાસ્તવિક જિંદગીની એ કેટલી લગોલગ છે. પુસ્તકો માત્ર ખરીદાય જ નહિ પરંતુ તે વંચાય, વહેંચાય અને તેની ચર્ચા થાય તે પણ ખૂબ જ જરૂરી છે. "વાંચે ગુજરાત" અને "પુસ્તક પરબ"થી આજે આપણે દરેક ઘરમાં પુસ્તકો પહોંચાડવામાં સફળ થયા છીએ. સમારંભમાં બુકે ને બદલે બુક આપવાની પ્રથા હવે ચાલુ થઈ છે એ સોનેરી સવારની નિશાની છે.

 ISSN 0976-9609

વર્તમાન યુગ એ જ્ઞાન અને માહિતીનો યુગ છે. ઈન્ફોર્મેશનના આ યુગમાં જ્ઞાનના ફેલાવા માટે પુસ્તકો જ માધ્યમ છે. કોઈપણ માધ્યમ કરતાં પુસ્તકો વધુ શક્તિશાળી છે, કારણ કે તે વિશ્વને પ્રેરણા આપી શકે છે. આજે પણ પુસ્તકોનું મહત્ત્વ ઓછું થયું નથી. સમજણ, સહનશીલતા અને સંવાદ માટે સામાજિક જાગૃતિનું કામ પુસ્તકો જ કરે છે, જીવનને સફળ બનાવે છે.

મિલ્ટને કહ્યું છે, "પુસ્તકોમાં આત્માનું જીવન છે કેમકે, એમાં જીવનનો વિચાર સાર રહેલો છે." ગ્રંથો સજીવ છે એટલે જ મિલ્ટને એમ પણ કહ્યું છે. પુસ્તકોમાં આત્મા હોય છે. સદ્ગ્રંથોનો કદી નાશ થતો નથી. "સિસરોએ કહ્યું છે, "ગ્રંથ વગરનું ઘર આત્મા વગરના શરીર જેવું છે." એટલે કે ઉત્તમ પુસ્તકોને અભાવે મનુષ્ય જ્ઞાનથી વંચિત રહે છે.

પ્રગતિશીલ જીવન માટે પુસ્તકોનો સાથ ઘણો જરૂરી છે, કેમ કે પુસ્તકો દ્વારા જ જીવનને માર્ગ દર્શન અને પ્રેરણાપ્રકાશ મળે છે. ઉત્તમ પુસ્તકોમાં ઉત્તમ વિચાર, ઉચ્ચ ભાવનાઓ અને કલ્પનાઓ હોય છે.

તિલકે કહ્યું છે, "હું નરકમાં પણ ઉત્તમ પુસ્તકોનું સ્વાગત કરીશ, કેમકે તેમનામાં એવી શકિત છે કે તે જ્યાં હશે ત્યાં આપોઆપ સ્વર્ગ ખડું થશે. સ્વર્ગનું અસ્તિત્વ કોઈએ જોયું નથી. મનુષ્યની ઉચ્ચ માનસિક સ્થિતિ કે જે ઉત્તમ વિચારોનું ફળ છે, તે જ સ્વર્ગ છે."

ઉત્તમ પુસ્તકોનું સાંનિધ્ય મનુષ્યની બુદ્ધિને જ્યાં પ્રાપ્ત થાય છે, ત્યાં એને સ્વર્ગની અનુભૂતિ થવા લાગે છે. સાચો સ્વાર્થરહિત આત્મીય મિત્ર મળવો મુશ્કેલ છે, પુસ્તકો આપણને સાચો રસ્તો અને દિશા અને દશા બદલવામાં મદદરૂપ થાય છે. એટલે જ આપણા સાચા મિત્રો લેખાય છે. ગાંધીજી કહે છે કે "સારાં પુસ્તકો આપણી પાસે હોય તો તે પરોપકારી મિત્રની ગરજ સારે છે."

પુસ્તકો મનને એકાગ્ર કરવા અને સંયમિત બનાવવા માટેનાં સરળ સાધન છે. એકવાર મહાન ક્રાંતિકારી લોકમાન્ય તિલકનું ઓપરેશન થઈ રહ્યું હતું, એને માટે એમને કલોરોફોર્મ સૂંઘાડીને બેભાન કરવાના હતા, પરંતુ એને માટે તેમણે ડોક્ટરને ના પડી અને કહ્યું, મને એક ગીતાનું પુસ્તક લાવી આપો. હું એને વાંચતો રહીશ અને તમે ઓપરેશન કરી નાંખજો.

લોકમાન્ય તિલક વાચનમાં એવા તલ્લીન બની ગયા કે ડોક્ટરોએ ઓપરેશન કર્યું ત્યાં સુધી જરા પણ હાલ્યા પણ નહીં. યાદ રાખો કે, પુસ્તકો જાગૃત દેવતા છે, એના અધ્યયન, ચિંતન, મનન દ્વારા, પૂજા કરીને તરત વરદાન મેળવી શકાય છે. આથી ઉત્તમ પુસ્તકોના એકાગ્રપૂર્વક વાચનને જીવનનું જરૂરી અંગ બનાવવું જોઈએ. આમ, આવો આજે પુસ્તકો વાંચી અને તેને સાચા મિત્રો બનાવીએ અને તેના સંસ્કારોનું સિંચન આવનારી પેઢીઓમાં કરીએ.

**સંદર્ભ :** વિકિપીડિયા અને વિવિધ જાણીતા લેખકોના બ્લોગ અને અખબારી અહેવાલો.

પરમેશ્વરી પ્લોટ-૧૬૫, વિજયનગર એરિયા,
હોસ્પિટલ રોડ, ખાવડા મેસુબ ઘરની સામે,
ભુજ, કચ્છ-૩૭૦૦૦૧ ગુજરાત

"A reader lives a thousand lives before he dies."

**- George R.R.Martin**

"A room without books is like a body without a soul."

**- Marcus Tullius Cicero.**

"A house without books is like a room without windows."

**- Heinrich Mann.**

|| સાંપ્રત ||

## લોકતંત્રનો ભાગ્ય વિધાતા : જાગૃત મતદાતા

**બી. એમ. પરમાર**

### પૂર્વભૂમિકા :

"Democracy is a rule of the people, for the people and by the people". - અબ્રાહમ લિંકન દ્વારા લોકશાહીની આ વ્યાખ્યા આપવામાં આવી છે, જેનો મતલબ થાય છે કે લોકશાહી એટલે લોકોનું, લોકો માટે અને લોકો દ્વારા ચાલતું શાસન. પ્રાચીન સમયમાં રાજાશાહી ચાલતી હતી જેમાં રાજા અને એના વંશજો લોકો પર રાજ કરતા હતા. પણ સમય જતાં લોકશાહીનું અસ્તિત્વ આવ્યું. લોકો પોતાનો રાજા પોતે જ ચૂંટવા લાગ્યા. અને આ પદ્ધતિ એટલે સમજો કે આજની મતદાન પદ્ધતિ. તો ચાલો, આજે આપણે પ્રસ્તુત લેખમાં મતદાન જાગૃતિ વિશે સમજીએ.

### મતદાન એટલે શું ?

ભારતની લોકશાહીમાં ૧૮ વર્ષની ઉંમરનો કોઈપણ નાગરિક મત આપવા માટે સક્ષમ છે. દર વર્ષે ચૂંટણી તો આવે જ છે, હવે અહીં, ચૂંટણીઓના પણ પ્રકારો છે અને મતદાનના પણ ઘણા પ્રકારો છે એના વિશે ફરી ક્યારેક લખીશું. હમણાં એટલું જણાવું કે તમે ૧૮ વર્ષે પહોંચી જાઓ એટલે તમને ચૂંટણીકાર્ડ આપવામાં આવે છે જે તમને મતદાન આપવા માટે તમે લાયક છો એનું કાર્ડ છે. અને એનો ઉપયોગ આપણે આપણી ઓળખ માટે પણ કરી જ શકીએ છીએ. મતદાન એટલે તમે તમારી ઇચ્છા મુજબ તમને યોગ્ય હોય એ પ્રતિનિધિને તમે મત આપી શકો છો અને તમારા પ્રતિનિધિ આ ચૂંટણી જીતશે કે હારશે એમાં તમારા મતનું પણ યોગદાન છે. કેમકે ચૂંટણીમાં એક એક મતથી પણ હાર-જીત થતી હોય છે.

### મતદાન કેમ કરવું જોઈએ ?

તમે તમારા વિસ્તારમાં, ગામ, રાજ્યની ચૂંટણીમાં ક્યાં પક્ષના નેતા તમારા માટે યોગ્ય છે એ સમજી વિચારી તમારે મતદાન કરવું જોઈએ. એટલે તમારી પસંદગીનો નેતા તમારા વિકાસના યોગ્ય કાર્ય કરવા ચૂંટણી જીતી શકે. એટલે કે આપણા માટે જ આપણે યોગ્ય નેતા પસંદ કરવાનો હોય ત્યારે મત આપવો ખૂબ જરૂરી થઈ પડે છે.

### મતદાન જાગૃતિ :

ચૂંટણી આવવાની હોય ત્યારે એની તારીખ-સમય નક્કી થઈ જાય છે અને એ દિવસે આપ તમારા અનુકૂળ સમયમાં તમને ગમતા વ્યક્તિ કે પક્ષને જીતાડવા મત આપી શકો એવું આયોજન સરકાર દ્વારા કરવામાં આવે છે. બેલેટ પેપર કે હાલના સમયમાં મશીન દ્વારા ચૂંટણીઓ થાય છે, અને તમે સરળતાથી તમારા નેતાને મત આપી શકો છો. તમારો મત ખૂબ કિંમતી છે એનું મૂલ્ય લોકશાહીમાં હંમેશાં ઊંચું રહ્યું છે.

છતાં પણ આપણે ત્યાં સમગ્ર દેશની મતદાનની ટકાવારી ૬૦ થી ૬૫ ટકા જ થાય છે, જે આપણા માટે ઘણું શરમજનક છે. સરકાર, ચૂંટણી પંચ, બિનસરકારી સંગઠનો દ્વારા પણ સતત પ્રયત્નો કરવામાં આવે છે કે મતદાનની ટકાવારીમાં વધારો થાય. શૈક્ષણિક સંસ્થાઓમાં પણ મતદાન જાગૃતિ માટે જુદા જુદા પ્રકારના પ્રયત્નો થતા હોય છે. જેમાં નાટકો, ફિલ્મો, રેલીઓ, સૂત્રો વગેરે દ્વારા મતદાન જાગૃતિના કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે. અમારી નલિની-અરવિંદ એન્ડ ટી.વી.પટેલ આર્ટ્સ કોલેજમાં આદરણીય માનદ સહમંત્રી શ્રી રમેશ તલાટી સાહેબના માર્ગદર્શનથી મતદાન જાગૃતિ અંગેનો સર્ટિફિકેટ કોર્સ પણ ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે.

ઘણા લોકો ચૂંટણીમાં રસ લેતા નથી અને પોતાના મતને કિંમતી સમજતા નથી. ઘણા લોકો પક્ષ-વિપક્ષની માથાકૂટમાં મત આપતા નથી. ઘણાને


ISSN 0976-9609

એમ છે કે હું મત નહિ આપું તો એમાં શું થઈ જવાનું છે ? તો વળી ઘણા સમયનું બહાનું કાઢે છે કે સમય જ નથી વોટ આપવાનો, તો વળી ઘણા એવું વિચારે છે કે અમારે લાયક એક પણ ઉમેદવાર નથી તો કોઈને વોટ આપવો જ નથી અમારે. તો ઘણાને ફરિયાદ હોય છે કે અમને કોઈ કહેવા આવ્યું નથી તો અમે શું કામ વોટ આપીએ ? તો ઘણા પાસે ૧૮ વર્ષ થઈ ગયા હોય તો પણ ચૂંટણી કાર્ડ હોતું નથી જેના કારણે તે વોટ આપી શકતા નથી. આવા ઘણા બધાં કારણો છે જેના લીધે મતદાન ૧૦૦% થતું નથી અને જેના કારણે યોગ્ય વિકાસ થતો નથી. તો મત એ ફરજ અને હક્કના ભાગરૂપે આપવો જ જોઈએ.

ચૂંટણીકાર્ડ ન હોય તો હવે તમારી નજીકની શાળાના શિક્ષક કે તલાટી કમ મંત્રી કે બુથ લેવલ ઓફિસર હોય તેનો સંપર્ક કરો તો તમારા આધાર પુરાવા જોઈને તમને થોડા જ સમયમાં ચૂંટણીકાર્ડ બનાવી આપશે. ચૂંટણી હોય એ પહેલા રાજકીય પક્ષ એનો પ્રચાર કરતા જ હોય છે એટલે તમને કોઈ ઘરે કહેવા આવે તો જ મત આપવો એ વલણથી દૂર રહો. સમયનો અભાવ હોય તો પણ મત આપો કેમકે તમે મત નહિ આપો તો કદાચ સત્તા એવા લોકોના હાથમાં જઈ શકે છે કે જે ક્યારેય કોઈ સારા કામ કરશે જ નહીં. હવે મતદાનનો સમય પણ વધારી દીધો છે સવારે ૭ વાગ્યાથી તમે મત આપવાનું શરૂ કરી શકો છો એટલે સમય થોડો કાઢી મત આપીને જ અન્ય કામ કરવાં.

આપણે પોતે મત આપીએ અને ઘરના વડીલોને પણ સાથે સાથે મત આપવા લઈ જઈએ. અડોશ-પડોશમાં પણ બધાને જાણ કરીએ કે મતદાન શરૂ થઈ ગયું છે, તો તમામ લોકો મત આપી આવે અને આ લોકશાહીમાં સૌની સરખી ભાગીદાર મળે.

આપણા સમાજમાં ગુપ્તદાનનું મહત્ત્વ છે એટલે મતદાન પણ ગુપ્ત રાખવામાં આવે છે. તમને થાય એમાં શું કામ સંતાડવાનું. વટથી મને ગમે એને હું વોટ આપી શકું, તો પછી ગુપ્ત કેમ રાખવાનું ? તો તમને જણાવી દઉં કે મત એ તમારો વ્યક્તિગત વિચાર છે તમે એને જાહેર કરી નથી શકતા, હા મત. વિસ્તારથી બહાર કે તમારા ઘરે તમે એની ચર્ચા કરી શકો છો બાકી ચૂંટણીપંચના અમુક નિયમોનું પાલન મતદાન સમયે કરવું જ રહ્યું. તમે ચૂંટણીબુથ પર કોઈપણ પક્ષને મત આપવા માટે પ્રચાર કરી શકતા નથી. આચારસંહિતાનો ભંગ થતા તમને સજા પણ થઈ શકે છે. ચાલો, હવે તમે પણ મત આપશો અને અન્યને પણ અપાવશો એ જ અપેક્ષા છે.

**મતદાનનું મહત્ત્વ :**

અમુક લોકો પોતાના મતને પૈસા કે અન્ય પ્રલોભનમાં સપડાઈને કોઈને પણ આપી દેતા હોય છે. અને આના કારણે ઘણા ખરાબ લોકોના હાથમાં સત્તા જઈ શકે છે અને મત માટે જેણે લાખો રૂપિયા ખર્ચ કરેલ છે એ સત્તા પર આવતા જ પોતાની તિજોરીઓ ભરવાની શરૂ કરશે. તમારો મત કોઈ ૧૦૦૦-૨૦૦૦ રૂપિયામાં ખરીદી લે એટલો સસ્તો નથી. તમારો મત કોઈપણ સત્તાને બદલી નાખવા સક્ષમ છે. મત માટે જાગૃત બનો અને હંમેશા યોગ્ય માણસને મત આપો.

જો તમે ૧૮ વર્ષથી ઉપરના ભારતીય નાગરિક છો તો મત આપવો એ  એ તમારો અધિકાર છે. જો તમને મત આપતા રોકે છે તો એ વ્યકિત પર કાનૂની કાર્યવાહી થઈ શકે છે. હા, મત આપવા માટે તમે સ્વતંત્ર છો તમને કોઈ દબાણપૂર્વક મત આપવા કહે તો પણ એને સજા થઈ શકે છે. એટલે ધ્યાન રાખો કે તમારા મત પર ફક્ત તમારો અધિકાર છે, એટલે અન્ય કોઈપણ તમને આ બાબતે કશું જ કહી ન શકે.

ભારતમાં ૧૦૦% મતદાન થાય એ હેતુસર હવે તમારી પસંદગીનો કોઈપણ ઉમેદવાર ન હોય છતાં તમારે વોટ કરવો જ હોય તો હવે NOTA (None of the above) (ઉપરમાંથી એક પણ નહીં)આ મત તમે આપી શકો છો. જેથી મત

ગણતરીમાં ટકાવારી વધી શકે છે. અને એ જાગૃતિ માટે યોગ્ય પગલું છે. તમારો મત, તમારો અધિકાર. તમે એનો સદઉપયોગ કરી એક ઉત્તમ નાગરિકને શોભે એવું કાર્ય કરી શકો છો.

સતત જાગૃતિ લોકશાહીની કિંમત છે. લોકશાહીને વધારે સક્ષમ અને સુદ્રઢ બનાવવી હોય તો લોકોએ મતદાન કરીને તેમાં વધારે ને વધારે સહભાગી બનવું જોઈએ. આમ, લોકશાહીમાં લોકો પોતે જ પોતાના ભાગ્યવિધાતા છે.

**સંદર્ભસૂચિ :**


1. https://competitivegujarat.in/%E0%AA%AE%E0%AA%A4%E0%AA%A6%E0%AA%BE%E0%AA%A8-%E0%AA%9C %E0% AA%BE %E0%A A%97% E0%AB%83% E0%AA%A4% E0%AA%BF-%E0% AA% A8%E0%AA%BF%E0% AA% AC%E0 %AA%82 %E0%AA%A7/
2. https://pib.gov.in/PressRelease Page. aspx? PRID=1873958
3. https://gujarati.news18. 18. com/news/ahmedabad/ahmedabad-voting-awareness-campaign-india-book-of-records-az-1286530. html



ઈન્ચાર્જ આચાર્ય

નલિની-અરવિંદ એન્ડ ટી.વી.પટેલ આર્ટ્સ કોલેજ,

વલ્લભ વિદ્યાનગર


### ।। વિદ્યાવૃત્ત ।।

## આઈસ્ટાર કોલેજના પોલિમર કેમિસ્ટ્રી ડિપાર્ટમેન્ટના વિદ્યાર્થીઓને RRP Global દ્વારા શિષ્યવૃત્તિ

ચારુતર વિદ્યામંડળ સંચાલિત અને સીવીએમ યુનિવર્સિટીની ઘટક સંસ્થા આઇસ્ટાર કોલેજના પોલિમર કેમિસ્ટ્રી ડિપાર્ટમેન્ટમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ દિવ્યેશ ચોવટીયા અને નવનીત વેકરીયાને RRP Global, વિઠ્ઠલ ઉદ્યોગનગર દ્વારા રૂ. ૧૦,૦૦૦/- પ્રતિ વિદ્યાર્થી શિષ્યવૃત્તિની આર્થિક સહાય મળી હતી. RRP Global દ્વારા દર વર્ષે ડિપાર્ટમેન્ટમાં અભ્યાસ કરતા અને આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિની સહાય આપવામાં આવે છે. ઉપરોક્ત શિષ્યવૃત્તિ આઈસ્ટાર સંસ્થાના વાર્ષિક દિન નિમિત્તે ચારુતર વિદ્યામંડળના ચેરમેન ઈજનેર શ્રી ભીખુભાઈ પટેલના વરદ્ હસ્તે એનાયત કરવામાં આવી હતી. આ સિદ્ધિ બદલ આઇસ્ટાર કોલેજના પ્રિન્સિપાલ ડો.એમ.એમ. રાજ તથા કોલેજ સંયોજક ડો.જીગર પટેલ દ્વારા પોલિમર કેમિસ્ટ્રી ડિપાર્ટમેન્ટના હેડ ડો.અમિત ઠુમર તથા શિષ્યવૃત્તિ મેળવનાર વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

***"Every election is determined by the people who show up."***

*"Elections belong to the people. It's their decision. If they decide to turn their back on the fire and burn their behinds, then they will just have to sit on their blisters".*

*"This process of election affords a moral certainty that the office of President will seldom fall to the lot of any man who is not in an eminent degree endowed with the requisite qualifications."*

***- Alexander Hamilton***

॥ વ્રજ-પરંપરા ॥

## મીઠી લગે તોરી ગારી*રી...

ચંદ્રકાન્ત પટેલ 'સરલ'

ગારી એટલે ગાળ. અપશબ્દ, ખરાબ શબ્દોનો પ્રયોગ. ગારી એ વ્રજભાષી શબ્દ છે. વ્રજમાં ગાળને 'ગારી' કહેવાય છે. ગુજરાતી ભાષામાં તેનો અર્થ ગાળ થાય છે. ગાળ સાંભળતાની સાથે જ વ્યક્તિની મગજની કમાન છટકે છે અને ગાળ બોલનાર વ્યકિતને ખખડાવી કાઢે છે.

વ્રજના લોકો ગાળને મીઠી ગારી કહે છે. મીઠી એટલે મધમીઠી, મને ગમી જાય તેવી ગાળ. કોઈને ગાળ ગમી હોય એવું સાંભળ્યું નથી. અપશબ્દ કોઈથી સહન થોડા થાય ? અપશબ્દને કારણે જ મહાભારતનું યુદ્ધ થયું હતું. દ્રૌપદીએ 'અંધના અંધ જ હોય..' એવા શબ્દ ઉચ્ચાર્યા હતા. પરિણામે કૌરવો અને પાંડવો વચ્ચે ભયંકર યુદ્ધ ખેલાયું હતું.

વ્રજભૂમિમાં ગારી (ગાળ) લૌકિકમાં તો અપ્રિય જ છે. પરંતુ હોળીના પર્વ દરમિયાન જ્યારે તે ગીતના રૂપમાં ગવાય છે. ત્યારે સાંભળનારને તે મીઠી લાગે છે. આનંદપ્રેરક અને હાસ્યનિષ્પન્ન કરતી લાગે છે. ગુજરાતમાં લગ્નપ્રસંગે વેવાઈ-વેલા, ઘરની ભાભીઓ તથા જમાઈઓ વગેરેને ઉતારી પાડતાં, ફજેતી કરતાં અને હાંસી-ઠેકડી ઉડાવતાં જે ફટાણાં ગવાય છે તે ફટાણાં ગીતો પણ ગાળનું જ એક સ્વરૂપ છે.

ગુજરાતનાં ફટાણાં એ જ વ્રજની ગારી છે. વ્રજના લોકો તેને મીઠી ગારી કહે છે. વૈષ્ણવ હવેલીઓમાં ગવાતા ધમારનાં પદો પણ હાસ્યનિષ્પન્ન કરાવતાં કીર્તનો જ છે. આ ધમાર હોળી દરમિયાન જ ગવાય છે.

ગુજરાતમાં હોળી પર્વ માત્ર બે દિવસ જ મનાવાય છે. ફાગણ સુદી પૂર્ણિમાના દિવસે લોકો હોળી પ્રગટાવે છે ને તેની પૂજા કરે છે. બીજા દિવસે ફાગણ વદી એકમ એ ધૂળેટી પર્વ ગણાય છે. આ દિવસે લોકો એકબીજા ઉપર રંગો છાંટી ખુશી મનાવે છે.

વ્રજમાં ચાલીસ દિવસનો વસંતોત્સવ ઉજવાય છે. મહાસુદી પાંચમથી મહાસુદી પૂર્ણિમા સુધીના દસ દિવસ વસંતોત્સવ ખેલના હોય છે. પૂર્ણિમા પછીના દસ દિવસ ધમારખેલના મનાવાય છે. આ દિવસો દરમિયાન દંડારોપણ કરાય છે. ગામના ચોકમાં અથવા ગામની બહાર દંડા રોપવામાં આવે છે. આ વિધિ સમયે બ્રાહ્મણોને બોલાવી પુણ્યવાચન, સ્વસ્તિવાચન અને મંત્રોચ્ચાર સાથે ઢોલ, નગારા જેવાં વાજિંત્રોના નાદે આ વિધિ કરવામાં આવે છે. દંડાની ટોચે લાલ કપડામાંથી બનાવાયેલી ધજા ફરકાવવામાં આવે છે.

દંડારોપણવિધિ પાછળનો હેતુ આ પર્વ નિર્વિઘ્ને પસાર થાય. ખેલૈયાઓને અવરોધ નડે નહિ, એ જ છે. આ પ્રાચીન પરંપરા છે. સારસ્વત કલ્પમાં પણ નંદરાય, વૃષભભાન, યશોદાજી, ગોપગ્વાલ અને બળદેવજી વગેરે દ્વારા દંડારોપણ વિધિ કરવામાં આવતી હતી. દંડારોપણ થયા બાદ વ્રજના લોકો તેને વંદન કરતાં પછી ધમારનો પ્રારંભ થતો એ પરંપરા આજે પણ વ્રજમાં જળવાઈ રહી છે.

ફાગણ સુદી એકાદશી પહેલાંના દસ દિવસ ફાગના ગણાય છે. અને ફાગણ સુદી છઠ્ઠથી પૂર્ણિમા સુધીના દસ દિવસ હોળી ખેલના હોય છે. ફાગણ સુદી એકાદશી એ કુંજ એકાદશી કહેવાય છે. આ દિવસથી વ્રજમાં ચાર દિવસ રંગોત્સવ મનાવાય છે. તેમાં ધમાર, ફાગ, રસિયા અને કીર્તનો ગવાય છે. તેની સાથે સાથે ગારી એટલે કે ગાળો પણ બોલાય છે. આ ગાળો કેવળ મનોરંજન માટે જ હોય છે. અને તે શ્રીકૃષ્ણ ભગવાન તથા તેમના પરિવારને જ દેવાય છે.

વસંતોત્સત દરમિયાન ગવાતી શ્રીગુંસાઈજીની અષ્ટપદીને બદલે ડોલના પદ ગવાય છે. શયનમાં પણ ડોલનાં પદો પણ અને ગારીના પદની રમઝટ બોલે છે.

(*'ગાળ'નું બહુવચન)

વ્રજની સ્ત્રીઓ એક સ્થળે ભેગી થાય છે ને આ શ્રીકૃષ્ણને કેવી કેવી ગાળો દેવી એ બાબતે મસલતો કરે છે. પછી બધી સ્ત્રીઓ હાથમાં ડફલી-ડફ લઈને ફાગ ખેલતા ખેલૈયાઓના ટોળામાં ઘૂસી જાય છે. જ્યાં કનૈયાના સ્વાંગમાં હોળી રમતો વ્રજનો ગોપ હોય છે. ને રાધાના સ્વાંગમાં વ્રજની કોઈ સ્ત્રી હોય છે. ગારી આપવા આવેલી આ બધી સ્ત્રીઓ ડફ વગાડી વગાડીને ગાય છેઃ

**તુમ આવોરી, તુમ આવો, મોહન જૂ કો ગોરી સુનાવો,**
**હરિ કારોરી, હરિ કારો, યહ હે બાપન બિચવારો.**
**હમ લહેરી, હમ લહૈ, ફગવા લે ગારી ન દેહૌ,**
**યહ જહ પરમાનંદ ગાવે, કુછ રહસિ બધાઈ પાવે.**

ગારીની અસર શ્રીકૃષ્ણ પર નથી થતી. તે મંદમંદ હસે છે ને ઘેરૈયા ઉપર ખોબા ભરીભરીને રંગ છાંટે છે. આ જોઈને ગારી દેવા આવેલી સ્ત્રીઓ જરા છોભીલી પડી જાય છે. છતાં હાર સ્વીકારતી નથી. શ્રીકૃષ્ણને ગારીની ધમારે ધમારી નાખવા તે મક્કમ બને છે. અને જોરજોરથી ડફલી વગાડી ગાવા લાગે છેઃ

**ફગવા માંગન આઈ ઘોષ સબે વ્રજનારી ।**
**ચંદ્રાવલિ વ્રજમંડલ મધિ, રાધિકા પ્યારી।।૧।।**
**દેહુ રાઈ જૂ ફગવા, કુંવરી સબ માંગન આઈ ।**
**જશુમતિ ગહને દેહુ, હમેં વૃષભાન પઠાઈ ।।૨।।**
**ગિરિધર તુમ્હારી જૂ મૈયા, આજ વૃભષાન બુલાઈ ।।**
**આનંદરાય બિછોના કીને,**
**સબ મિલી ગારી ગાઈ ।।૩।।**

ભગવાન શ્રીકૃષ્ણની હાંસી-પરિહાસ કરવા જતાં અહીં કુસંસ્કાર પ્રગટ થઈ ગયા છે. નિર્દોષ પરિહાસ ઉપર અશ્લીલતાનું આવરણ ચડી ગયું છે. તે છતાં શ્રીકૃષ્ણ મંદ મંદ હસી રહ્યા છે. ગોપીઓના શબ્દોની કોઈ અસર તેમના પર થઈ નથી. ઊલટાના કહે છે.

**મીઠી લગે હો આજ તોરી ગારી રી**
**ઓર ઓર દેહૌ ગારી વ્રજનારી રી**

કનૈયાના આવા સહજ જવાબથી ગોપાંગનાઓએ સેવેલી મુરાદ ભાંગી પડે છે. કાનુડાને રાતોપીળો કરવાના તેના સપનાં તૂટી જાય છે. છતાં પાછી-પાની કરે તો એ વ્રજની વનિતા શાની ? ડફલી હવામાં અધ્ધર હલાવી, ચૂડલીઓ કોણી સુધી ચડાવી પટા ઝાટકીને એ બધી એક નવી ગારી ઉપાડે છે.:

**દૌ બાપન કે બિચ ડોલે હરિ કારો રી,**
**રાધા જૂ ગોરી ગોરી રી, હરિ ભટુવાજી**
**રાધા કે આગે લટુવાજી !**
**તેરી બહન અરજુન સંગ ભાજીજી**
**વો તો પાંચ પતિ કી નારીજી !**

વ્રજની આ માનુનીઓએ પોતાના ભાથામાંથી અહીં એવું તીર છોડયું છે કે જેના સ્પર્શથી શ્રીકૃષ્ણના હાડેહાડ ભાંગી નાખે ! રાધા ગોરી અને શ્રીકૃષ્ણ કાળો હોય એ કજોડાંની વાત બહુ અસર ન કરે. પરંતુ બે બાપની વચ્ચે ગોથા ખાતો કૃષ્ણ અને બેન સુભદ્રાનું અર્જુન સાથે ભાગી જવું ને ભાગીને પાંચ પતિઓની પત્ની બનીને રહેવું એવા શબ્દપ્રયોગ વસવા લાગે. આવી બિભત્સ જેવી ગાળો સાંભળ્યા પછી પણ શ્રીકૃષ્ણ શાંત જ છે. તેની શાંતિ વ્રજાંગનાઓને કઠે છે. ભગવાન શ્રીકૃષ્ણ રંગનો ખોબો ભરીને ગોપીઓને છાંટે છે ને કહે છે :

**આયા હોરી કા ત્યૌહાર, ઊડે રંગ કી ફુવાર,**
**આજ મીઠી લગે હે, તેરી ગારી હે વ્રજનારી**

વ્રજની આ હોળી દ્વાપરયુગમાં શ્રીકૃષ્ણએ ખેલેલી હોળીનો જ અનુવાદ છે. દ્વાપરમાં પણ આવી રીતની હોળી ખેલાઈ હતી. રાધાજીના ગામ બરસાનાની રાધાજીની સખીઓ નંદરાયજીના નિમંત્રણથી નંદગાંવમાં હોળી રમવા આવી હતી. ને શ્રીકૃષ્ણને મીઠી મીઠી ગારીઓ દઈ દઈને હોળીની મજા માણતી હતી. બરસાનાની ગોપીઓની ગારી સાંભળીને શ્રીકૃષ્ણ હસતા હતા.

જમાઈરાજા શ્રીકૃષ્ણ ગાળો સાંભળીને ખિજાઈ જશે ને મોં ફુલાવીને નિકુંજના ખૂણામાં બેસી જશે એવી મુરાદ સાથે આવેલી કૃષ્ણની સાળીઓના બધાય મનોરથ ભાંગીને ભુક્કા થઈ ગયા હતા. મનોરથનું


ISSN 0976-9609

યુધ્ધ જીતવાના મનસૂબા લઈને આવેલી રાધાજીની સહેલીઓ શ્રીકૃષ્ણની શાંતિ, સહનશીલતા અને ધૈર્યની સામે હારી ગઈ હતી અને કહેવા લાગી હતી.

**તે હો દેહોં કહા કરી ગારીજી,**
**રંગીલે રંગીલે હો  લાલ વિહારીજી.**

હે નંદનંદન જમાઈરાજા ! હમારી ગારી સાંભળીને પણ તમે હસી રહ્યા છો ? આ ગારી તમારા દિલમાં ભડકો કેમ નથી કરતી ? તમે તે કઈ માટીનાં ઘડાયેલા છો ? હવે તમને કેવી ગારી દેવી એ જ સમજાતું નથી.

આ તો બરસાના ગામની ગોપીઓ હતી. મહામાયા જેવી ! કોઈથી ગાંજી ન જાય અને સેવેલા સપનાના મનોરથો પાર પાડીને જંપનારી માનુનીઓ હતી. એ પોતાની હાર સ્વીકારી પરોઠના પગલાં ભરે એવી કાયર ન હતી.

બરસાનાની એ વ્રજાંગનાઓએ છાકરના વૃક્ષ નીચે ભેગી થઈને એક યોજના બનાવી. અને શ્રીકૃષ્ણની પૂરેપૂરી ફજેતી કરવાનું નક્કી કરી લીધું. કેવી હતી એ યોજના..?

**રસિયા કો નારી બનાવો રી,**
**રસિયા કો નારી બનાવો રી.**
**કરિ લહેંગા ગરે માલ કચુંકી,**
**વાકો ચુનરી શીશ ઉઢાવો.. રસિયાકો નારી.**
**લાલ ગુલાલ નયનન બીચ કાજર,**
**વાકો બિન્દી ભાલ લગાવો રી..રસિયાકો નારી.**
**કૃષ્ણ જીવન સબ તારી બજાય કે,**
**જશુમતિ નિકટ નચાવો રી.. રસિયાકો નારી..**

વટે ચડેલી શ્રીકૃષ્ણની સાળીઓ પોતાની મુરાદ બર લાવવા નવો પેંતરો રચે છે. ને કહે છેઃ અય બરસાનાના જમાઈરાજા ! અમારી ગારીથી તમે ગુસ્સે નથી થતા તો હવે જોઈ લો અમારો સપાટો ! અમે બધી મળીને તમારા કેવા હાલ કરીએ છીએ ? અમે બધી સખીઓ મળીને તમને ગોપી બનાવી દેશું. અને તમારી વ્રજની ઠકુરાઈ ઉતારી નાખશું. બધા વ્રજવાસીઓની વચમાં તમને ઊભા રાખીને તમારું પીળું પીતાંબર અને બંસરી છીનવી લેશું. ત્યારબાદ તમોને ઝગમગાટ કરતા સુંદર મજાના ચોળી-ચણિયો પહેરાવી માથા પર લાલકસુંબી ચુનરી ઓઢાડશું. તમારી આંખોમાં કાળું કાજળ આંજશું અને કપાળે બિંદી લગાડી તમને અસલ વ્રજનારી બનાવી જશોદામૈયા પાસે લઈ જઈને નાચ નચાવશું. તમારો ઠુમકિયાળો નાચ જોઈને નંદગાંવના ગોપ-ગોવાળો અને ગોપસ્ત્રીઓ તાળીઓ વગાડશે.

ભગવાન શ્રીકૃષ્ણના સમયની એ પરંપરા વ્રજમાં આજે પણ જોવા મળે છે. હોળી ખેલન સમયે બે પક્ષો પડી જાય છે. ઘેરૈયાઓ બે ભાગમાં વહેંચાઈ જાય છે. એકબાજુ શ્રીકૃષ્ણ અને હળધરનું ગૃપ હોય છે. તો બીજી બાજુ બરસાના ગામેથી આવેલા સ્ત્રી-પુરુષનું ગૃપ હોય છે. બંને ભાગના લોકો એકબીજાને રંગ છાંટે છે. અને પોતાના પક્ષમાં લેવા માટે ખેંચાખેંચી કરે છે બરસાના ગૃપ નંદગાવના ગૃપમાં શ્રીકૃષ્ણનો સ્વાંગ ધારણ કરેલા છોકરાને પોતાના ગૃપમાં ખેંચી જાય છે. ને તેના હાથમાં રહેલી બંસી છીનવી લે છે. બળજબરી કરી તેના વસ્ત્રો ઉતારી લઈ તેને ચણિયો-ચોળી પહેરાવે છે. કપાળે ચાંદલો કરે છે. નાકમાં નથડી પહેરાવે છે. ને પગમાં ઝાંઝર બાંધે છે. પછી બધાની વચ્ચે નાચ નચાવે છે. તે જ્યાં સુધી ફાગ એટલે કે ગોઠ ન આપે ત્યાં સુધી તેને જવા દેવાતો નથી.

સારસ્વત કલ્પમાં આવું દશ્ય જોવાં આકાશમાં બ્રહ્મા, શંકર, ઈન્દ્રાદિ દેવતાઓ, આવ્યા હતા. તેમ અહીં પણ દેવતાઓનો સમૂહ બનેલા વ્રજવાસી ખેલૈયાઓ શંકર, બ્રહ્મા અને ઈન્દ્રના વેશમાં પરિધાન થઈ આવે છે. રાળ ઉડાવ્યા બાદ અબીલ-ગુલાલના છાંટણાં થાય કે તરત જ દેવતાઓના વેશ ધારણ કરેલા ગોપો નાચતા કૂદતા આવે છે અને શ્રીકૃષ્ણનાં દર્શન કરી ધન્યતા અનુભવે છે

શ્રીહરિરાયજી મહાપ્રભુએ રચેલી 'હોરી કી ભાવના'માં શ્રીકૃષ્ણ જુદાજુદા વેશધારણ કરીને ગોપીજનોને કેવો આનંદ પામે છે, તેનું વર્ણન કર્યુ છે. ભગવાન શ્રીકૃષ્ણ માલણસુનારી તથા લિલહારા-રંગરાજનનો વેશ ધારણ કરી બરસાના ગામમાં પોતાના સસરા વૃષભાનજીને

ત્યાં લટકમટક ચાલે ચાલતા આવે છે. રાધાજી પોતાની સખીઓ સાથે હોળી ખેલી રહ્યા હોય છે. શ્રીકૃષ્ણનો વેશ જોઈને બધા હસવા લાગે છે. શ્રીકૃષ્ણ હોળી રમતી ગોપીઓના વૃંદમાં ઘૂસી જઈને રંગના છાંટણાં કરવા માંડે છે ને ચંદ્રાવલિજીના અંગ પર રંગની પિચકારી ઉડાડે છે. ત્યારે :

**કાન્હા પિચકારી મત માર, મેરે ઘર સાસ લડેગી રે,**
**સાસ લડેગી રે, મેરે ઘર સાસ લડેગી રે.. કાન્હા**
**સાસ ડુકરિયા મેરી ખોટી, ગારી દેગી, ન દેગી રોટી.**
**નનદ બડી બદમાશ પિયા કે કાન ભરેગી રે.. કાન્હા.**
**કછુ ન બિગરે શ્યામ તુમ્હારો,**
**મોકો હોયગો દેશ નિકારો.**
**ગારી દે દે બ્રજકી નારી,મેરી હાંસી કરેગી રે.. કાન્હા.**

વ્રજમાં ચાલીસ દિવસ હોળી ઉજવાય છે. રંગના છાંટણા થાય છે. તેમાં અબીલ, ગુલાલ, કેસૂડા અને ચૌવા એમ ચાર જાતના જ રંગો વપરાય છે. તેમાં અબીલ એ ચંદ્રાવલિનો ભાવ છે, ગુલાલ એ લલિતાજીનો ભાવ છે, ચૌવા એ શ્રીયમુનાજીનો ભાવ છે. અને કેસૂડો અથવા ચંદન એ શ્રીસ્વામિનીજીનો ભાવ છે. આમ જુદા જુદા ભાવો સાથે રંગછાંટણાં થાય છે.

આમાં પહેલા દસ દિવસ સાત્ત્વિક ભાવના છે. બીજા દસ દિવસ રાજસી ભાવના છે. ત્રીજા દસ દિવસ તામસી ભાવના છે. અને બાકીના દસ દિવસ નિર્ગુણ ભક્તોની ભાવના છે. આમ જુદા જુદા ભાવો સાથે આ પર્વ ઉજવાય છે.

દેશના બધાં રાજ્યોમાં હોળી ખેલાય છે. પરંતુ ઉત્તરપ્રદેશ અને રાજસ્થાનમાં ઉજવાતી હોળીનો મહિમા અનેરો છે. વ્રજમાં ઉજવાતી હોળી એકવાર માણો તો હોળીના સાચા આનંદની ખબર પડે. વ્રજમાં આવેલા નંદગાંવ અને બરસાના ગામની લઠ્ઠામાર હોળી વિખ્યાત છે.

વ્રજની લઠ્ઠામાર હોળીની મજા લૂંટવા ગુજરાતમાંથી ઘણા વૈષ્ણવો પોતપોતાના વાહનો લઈને અથવા રેલવે કે બસમાં વ્રજમાં જાય છે. અને લઠ્ઠામાર હોળીનો મન ભરીને આનંદ માણે છે. આ ખેલના સમયે બરસાના તથા નંદગાંવની સ્ત્રીઓ હાથમાં લાકડીઓ લઈને પુરુષો ઉપર પ્રહારો કરે છે. પુરુષોએ અગાઉથી જ પોતાના રક્ષણ માટે પોતાના હાથમાં ઢાલ અથવા લોખંડના તગારાં જેવાં સાધનો રાખ્યા હોય છે. લાકડીઓના પ્રહારો આ સાધનોથી ઝીલે છે. આ ખેલમાં ઘણાના માથા ફૂટે છે. લોહી વહે છે તેને આ લોકો શુભ માને છે.

**ઊંચો સો ગોકુલ ગામ, જહાં હરિ ખેલત હોરી ।**
**ચલો સખી દેખન જાઈ પિયા અપને કો ચોરી॥૧॥**
**બાજત તાલ-મૃદંગ ઔર કિન્નરી કી જોરી ॥૨॥**
**ઈત ગોપીનકો ઝૂંડ, ઉતે હરિ હલધર કી જોરી ॥૨॥**
**બૂકા સુરંગ ગુલાલ ઉડાવતી નારી ભરી ઝોરી ।**
**ગાવતિ દૈ દૈ ગારી, પરસ્પર ભામિતની ભોરી ॥૩॥**
**નવલ છબિલે લાલ તની ચોલી કી તોરી ।**
**રાધા જૂ ચલી રિસાઈ ઢીટ સૌં ખેલે કો હોરી ॥૪॥**

આ સૂરદાસજીએ રચેલ ધમાર કીર્તન છે. તેમાં ગોકુળ ગામને બધાં ગામોથી શ્રેષ્ઠ ગામ વર્ણવ્યું છે. તેમાં ભગવાન શ્રીકૃષ્ણ ગોપ-ગોપીઓ સાથે હોળી રમે છે. હોળી રમવા માટે એક ગોપી બીજીને કહે છે કે ચાલને સખી આપણે પણ આપણા પ્રાણપ્રિય જ્યાં હોળી રમે છે, ત્યાં જઈને ચોરીછુપીથી તેમનાં દર્શન કરી લઈએ. બંને ગોપીઓ ત્યાં પહોંચી જાય છે. ત્યાં તાલબદ્ધ વાજિંત્રો વાગી રહ્યાં છે. એક ઝુંડ ગોપીઓનું છે ને બીજું ઝુંડ શ્રીકૃષ્ણ-બલરામનું છે. એકબીજા ઉપર સૌ અબીલ-ગુલાલ ચુવા ઉડાવે છે. ભોળી ગોપીઓ હોળીનાં ગીતો ગાતી ગાતી રંગછાંટણાં કરે છે ને કૃષ્ણને મીઠી મીઠી ગાળો સંભળાવે છે.

શ્રીકૃષ્ણ અચાનક ગોપીઓના વૃંદમાં દોડી જાય છે. રંગે રમતી રાધાની ચોળીની કસ તાણે છે. રાધા રિસાઈ જાય છે ને કહે છે કે આવા ધૃષ્ટ-ધુતારા સાથે કોણ હોળી રમે ? એમ કહીને હોળીખેલમાંથી બહાર નીકળી જાય છે.

આવી મધમીઠી હોળીની મજા લેવા તમે એકવાર જરૂર વ્રજમાં જજો. વ્રજની હોળી માણ્યા વિના બધી હોળીનો આનંદ નકામો છે.

---

"સંસ્કૃતિદર્શન" કાર્યાલય, 'અનુરાગ' ચાર્વી બિલ્ડિંગ,
રતનપરા શેરી-૦૧, બાગ દરવાજા,
મુ.માણાવદર-૩૬૨ ૬૩૦ જિ. જુનાગઢ,
(મો) ૮૭૩૫૯૦૨૪૨૪


ISSN 0976-9609

## ।। આયુર્વેદ ।।

## આયુર્વેદની વિશેષતા : ઔષધગ્રહણ કાલ

**વૈદ્ય સાગર એમ.ભીંડે[૧]**
**વૈદ્યા ભારતી રાતડીયા[૨]**

આયુર્વેદ એ એક ચિકિત્સા વિજ્ઞાન છે. જે ભારતે વિશ્વને આપેલી કેટલીક અમૂલ્ય ભેટમાંની એક છે. હજારો વર્ષો પહેલા લખાયેલા આયુર્વેદના ગ્રંથોમાં એટલી બધી સૂક્ષ્મ બાબતો વિશે વર્ણન જોવા મળે છે કે જે આજના ઉપકરણોથી સંપન્ન એવા ચિકિત્સા વિજ્ઞાન પાસે પણ નથી. આવી જ કેટલીક વિશેષતાઓ વિશે આગામી લેખમાં વિગતે વાત કરવામાં આવશે. આયુર્વેદની એટલે કે ભારતીય ચિકિત્સા વિજ્ઞાનની આ વિશેષતાઓ વિશે વાત કરવાનો મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે, આ બાબતોનો સામાન્ય સમાજમાં અને આધુનિક ચિકિત્સા વિજ્ઞાનમાં પણ સમાવેશ થાય તો સમાજનું સ્વાસ્થ્ય વધુને વધુ સારું કરી શકીએ. બીજો ઉદ્દેશ્ય એ પણ છે કે આ વિષયો ઉપર વધુને વધુ સંશોધન થાય.

તો હવે આજના વિષય ઉપર આવીએ. તો ઔષધગ્રહણ કાલ એટલે ઔષધ-દવાઓ લેવાનો સમય. દુર્ભાગ્યે આપણે ભારતીય લોકો પણ આજની તારીખે એ જ સમજીએ છીએ કે ઔષધ લેવાનો સમય એટલે કાં તો જમ્યા પહેલા, નહીંતર જમ્યા પછી અને વધુમાં વધુ રાત્રે સૂતી વખતે.

પરંતુ આયુર્વેદના આચાર્યો વર્ષો પહેલા પણ શરીરમાં સ્થિત સર્કેડીયન રીધમ વિશે જાણતા હતા અને અટલે જ શરીરમાં પરિવર્તન થતી વિવિધ અવસ્થાઓ મુજષ ઔષધ લેવાના વિસ્તારથી સમય બતાવેલા છે. અને દરેક ઔષધગ્રહણ કાલનું આગવું મહત્ત્વ છે. આ લેખ આમ તો સામાન્ય જનતા માટે આપણા ઋષિઓ પ્રત્યે અહોભાવ જગાડશે અને વૈભવપૂર્ણ વારસાને તાજો કરશે, પરંતુ હું ભારપૂર્વક કહેવા માંગીશ કે અમુક રસાયણ ઔષધો સિવાય બાકી કોઈપણ ઔષધો વૈદ્યની સલાહ વગર ન લેવા. અને જ્યારે ઔષધો જો નથી લેવાના તો ઔષધ ગ્રહણ સમય સામાન્ય વાચકો માટે સીધો ઉપયોગ કરવા લાયક નથી. પરંતુ આ પદ્ધતિથી વાચકો શરીરમાં ચાલતી પ્રક્રિયાઓને વધુ બારીકાઈથી સમજી શકશે.

આયુર્વેદ સંહિતાઓમાં અગિયાર ઔષધગ્રહણ કાલનું વર્ણન જોવા મળે છે.

૧. **અભક્ત :** અભક્ત એટલે ભોજન કર્યા વગર. ઔષધ લેવાના પણ ભોજન નહીં કરવાનું. આચાર્ય સુશ્રુત કહે છે કે ખોરાકની ગેરહાજરીમાં ઔષધ ખૂબ જ શક્તિશાળી બને છે. અભક્ત સમયમાં પેટ કફથી રહિત હોય છે. તેથી પાચક અગ્નિ ઔષધને સંપૂર્ણ પચાવી લે છે અને દવાનો મહત્તમ લાભ મળે છે. જો રોગ અને રોગી બળવાન હોય, કફનો પ્રકોપ વધુ હોય તેવી પરિસ્થિતિમાં આ રીતે ઔષધ લેવું. પરંતુ સામાન્ય રીતે બાળકો, વૃદ્ધો અને શારીરિક રીતે નબળા લોકો માટે આ ઔષધગ્રહણ કાલ યોગ્ય નથી.

૨. **પ્રાગ્ભકત :** એટલે કે જમ્યા પહેલા. આ સમયમાં લીધેલું ઔષધ વ્યક્તિની શકિતને અસર કર્યા વગર પચશે તેથી બલક્ષય થતું નથી. અપાન વાયુની વિકૃતિને કારણે થતા રોગો જેવા કે કબજિયાત, ઝાડા, મૂત્રાઘાત, મૂત્રકૃચ્છ અને યોનિમાર્ગના રોગોમાં અપાતા અનુલોમક ઔષધો આ કાલમાં જ લેવા જોઈએ.

૩. **મધ્યમ ભક્ત :** એટલે કે અડધું ભોજન કર્યા પછી ઔષધ અને તેના પછી બાકીનું અડધું ભોજન. આમ થવાથી ખોરાક ઔષધની ઉર્ધ્વગતિ અને અધોગતિને પ્રતિબંધિત કરે છે. તેથી સ્થાનિક રીતે કાર્ય કરવાની ફરજ પાડે છે.
સમાન વાયુની વિકૃતિના રોગો જેવા કે પિત્તજ રોગો, મંદાગ્નિ, અજીર્ણ, પેટના રોગોમાં આ

કાલમાં જ અગ્નિ દીપન અને પાચન કરે તેવા ઔષધો લેવા જોઈએ.

૪. **અધોભક્ત :** એટલે કે જમ્યા પછી ઔષધ.'વ્યાન' વાયુની વિકૃતિમાં ઔષધ બપોરના ભોજન પછી આપવું. વ્યાન વાયુનું સ્થાન હૃદય છે. જેમ દરરોજ સવારે ફૂલ ખીલે છે. તેવી જ રીતે દરરોજ સવારે હૃદય પણ ખીલે છે. તેથી વ્યાનવાયુ સક્રિય થાય છે. આથી સવારે/બપોરે ભોજન પછીનું ઔષધ હૃદય સુધી સરળતાથી પહોંચે છે.

તેવી જ રીતે ઉદ્દાન વાયુની વિકૃતિમાં ઔષધ સાંજના રાત્રિના ભોજન પછી આપવું. ઉદ્દાન વાયુનુ સ્થાન છાતી (ઉર:) છે.

૫. **મુર્હુમુર્હુ :** એટલે કે વારંવાર. શ્વાસ, કાસ, તૃષ્ણા, હેડકી, ઊલટી, વિષ જેવા વ્યાધિઓમાં આ ઔષધ ગ્રહણકાલ સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. જે ફક્ત ૨ થી ૩ વખત જમ્યા પછી કે એવી રીતે ઔષધ આપવામાં આવે તો આવા વેગકાલીન વ્યાધિઓ ઔષધને ગાંઠતા નથી. એટલે આ વ્યાધિઓમાં વારંવાર ઔષધ આપવા જ પડે છે. ગંભીર પરિસ્થિતિઓમાં તો અમે હર અડધી કલાકે પણ ઔષધ આપીએ છીએ.

૬. **સામુદ્ગ :** એટલે ભોજનની પહેલા પણ અને ભોજનના પછી પણ ઔષધ. આ રીતે ઔષધ લેવાથી ઉપર નીચે ફેલાયેલા દોષો દૂર થાય છે. ઉર્ધ્વ શરીર કફનું સ્થાન છે. અને અધો શરીર વાતનું. હેડકી, કમ્પ, આક્ષેપક (ખેંચ) અને ઉર્ધ્વ કાયગત રોગોમાં આ ઔષધ ગ્રહણકાલ શ્રેષ્ઠ છે.

૭. **સભક્ત :** ભોજન સાથે ઔષધ. આ રીતે ઔષધ આપવાથી ભોજન અને ઔષધનું સાથે સાથે પચન થશે. ઔષધ પણ ભોજનના રસની સાથે સાથે આખા શરીરમાં ફરશે જેથી સર્વ શરીરગત રોગોમાં આ રીતે ઔષધ આપવાથી ખૂબ ફાયદો થાય છે.

વળી ઔષધ ભોજન સાથે મિશ્રિત હોવાથી ઔષધની ગંધ તેમજ તેની તીક્ષ્ણતા પણ ઓછી થઈ જાય છે.

મહિલાઓ, બાળકો, વૃદ્ધ, ઓછી શક્તિવાળા લોકો આ રીતે ઔષધ સહેલાઈથી લઈ શકે છે. એક ઉદાહરણ આપું તો અશ્વગંધા કે શતાવરીના ચૂર્ણને ઘઉંના લોટ સાથે શેકીને શીરો કે રાબ બાળકને પીવડાવી શકાય. છાશમાં હિંગ્વાષ્ટક ચૂર્ણ મેળવીને આપી શકાય.

૮. **અંતરાભક્ત :** બે ભોજનની વચ્ચે ઔષધ. એટલે કે બપોરનું ભોજન પચ્યા પછી ઔષધ, અને તે ઔષધના પાચન પછી સાંજનું ભોજન. જ્યારે રોગીને પાચન શક્તિ વધારવાની હોય ત્યારે આ કાલમાં ઔષધ આપવા જોઈએ.

૯. **ગ્રાસભક્ત :** અનાજના કોળિયા સાથે ઔષધ. આમ કરવાથી ઔષધનું શોષણ મુખની લાળથી ચાલુ થઈ જાય છે. પ્રાણવાયુના રોગો જેવા કે શિરોગત રોગ, ગળાના રોગ, નાસાના રોગ, સ્વરભેદમાં આ રીતે ઔષધનું સેવન કરવાથી રોગમાં ઝડપથી ફાયદો થાય છે.

૧૦. **ગ્રાસાન્તરે :** અનાજનો એક કોળિયો ખાધા પછી ઔષધ કરવું. ફરી એકવાર એક કોળિયો ખાધા પછી ફરી ઔષધ સેવન.

રોગીને જ્યારે ઊલટી થતી હોય તો તેની દવા આ સમયે આપી શકાય. શ્વાસ રોગમાં આ સમયે વામનીય ધૂમ્રપાન કરાવવું જોઈએ. હૃદયરોગની દવાઓ પણ આ સમયે આપી શકાય છે.

૧૧. **નિશિ :** રાત્રે સૂતા પહેલા ઔષધ લેવું. માથા અને ગળાના રોગોમાં આ સમયે ઔષધ આપવું. માનસિક રોગોનું ઔષધ પણ આ સમયે આપવું જોઈએ.

તો હાલના સમયમાં આવી રીતે શરીરની જૈવિક અવસ્થા મુજબ આપવામાં આવતી ઔષધથી થતા વિશેષ પરિવર્તનના અધ્યયનને 'ક્રોનો-

 ISSN 0976-9609

ફાર્મોકોલોજી' કહેવામાં આવે છે. અલગ અલગ સમય પર આપવામાં આવતી એક જ ઔષધ પણ અલગ અલગ પ્રભાવ પાડે છે. આ ઔષધની ક્રિયા અવશોષણ, ચયાપચય અને ઉત્સર્જન પર સર્કેડીયન રીધમની ચોક્કસ પણે અસર પડે છે. એ આજનું વિજ્ઞાન પણ માનતું થયું છે.

આમ, આયુર્વેદમાં વર્ણિત આ વિશેષ સિદ્ધાંત દ્વારા શોધકાર્ય કરીને આધુનિક દવાઓનો ડોઝ ઓછો કરવો. ઉપચારનો સમય અને સાઈડ ઈફ્કટને ઓછી કરી ઉચ્ચ પ્રભાવકારિતા મેળવવા માટે કરવો જોઈએ.

[1]આસિ.પ્રોફેસર, ITRA, જામનગર
[2]પી.જી.સ્કોલર, ITRA, જામનગર

## ॥ વિદ્યાવૃત્ત ॥

**ચારુતર વિદ્યામંડળ સંચાલિત આઈ. બી. પટેલ ઈંગ્લિશ સ્કૂલમાં ટ્રેનિંગ પ્રોગ્રામ :** ચારુતર વિદ્યામંડળ સંચાલિત આઈ. બી. પટેલ ઇંગ્લિશ સ્કૂલમાં તારીખ ૨૧ માર્ચના રોજ વિદ્યાર્થીઓમાં મૂલ્ય શિક્ષણ વધે એ હેતુથી ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું. આ ટ્રેનિંગ પ્રોગ્રામનો વિષય પર્સનલ બ્રાન્ડિંગ રાખવામાં આવ્યો હતો આ ટ્રેનિંગમાં આણંદના જાણીતા ટ્રેનર શ્રી નિલય ભુવા અને ડો. કૃપા મહેતાએ વિદ્યાર્થીઓને મૂલ્ય શિક્ષણથી જીવનમાં કેવું પરિવર્તન થઈ શકે અને પોતાના વ્યક્તિત્વનો ઉપયોગ સમાજમાં કેવી રીતે થાય તેની સુંદર સમજ પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશનથી વિદ્યાર્થીઓને આપી હતી. આ ટ્રેનિંગ પ્રોગ્રામથી વિદ્યાર્થીઓને ખૂબ જ પ્રોત્સાહન મળ્યું. પોતાના જીવનમાં આમૂલ પરિવર્તન કરવાની તક સાંપડી હતી. શાળાના આચાર્ય શ્રી ભાવેશભાઈ ભટ્ટે ટ્રેલરનું સ્વાગત કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સમગ્ર આયોજન શાળાના શિક્ષક વાલાણી સાહેબે કર્યું હતું.

**આઈ.બી .પટેલ ઈંગ્લિશ સ્કૂલ (ગ્રાન્ટેડ)માં વોકેશનલ ગાઈડન્સ હેઠળ સાયબર ક્રાઇમની જાગૃતિનો કાર્યક્રમ યોજાઈ ગયો.**: ચારુતર વિદ્યામંડળ સંચાલિત આઈ.બી. પટેલ ઈંગ્લિશ સ્કૂલ (GIA) શાળામાં વોકેશનલ ગાઈડન્સ હેઠળ તજજ્ઞ દ્વારા સાયબર ક્રાઇમ જાગૃતિનો કાર્યક્રમ યોજાઈ ગયો. વોકેશનલ ગાઈડન્સ અંતર્ગત શાળામાં ઇન્ફોર્મેશન ટેક્નોલોજી (વ્યવસાયલક્ષી)ના હેતુથી તે ઉપક્રમે શ્રી નિશાંતભાઈ જોશીએ આ વિષય ઉપર વિદ્યાર્થીઓને તે અંગે વિષય અંતર્ગત જ્ઞાન આપ્યું હતું અને વિદ્યાર્થીઓને તે અંગેનું પ્રેક્ટિકલ ઉદાહરણ સહિત સ્માર્ટ બોર્ડ થકી માર્ગદર્શન આપ્યું હતું અને સાયબર ફ્રોડથી બચવા ક્યાક્યા પ્રકારની સાવચેતી રાખવી તે અંગે વિદ્યાર્થીઓને ઉપયોગી માહિતી આપી હતી. આ કાર્યક્રમનું આયોજન વોકેશનલ વિષયના ટ્રેનર લતેશ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું અને સંચાલન શાળાના સુપરવાઈઝર શ્રી રાજેશભાઈ ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બની રહે તે માટે શાળાના અન્ય શિક્ષકમિત્રોએ સહયોગ આપ્યો હતો અને આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

**આઈસ્ટાર કોલેજમાં યોજાયેલ વિવિધ કાર્યક્રમો :**

**૧. સાંસ્કૃતિક કાર્યક્રમના ભાગરૂપે ટેલેન્ટ ઇવનિંગ યોજાઈ:** ચારુતર વિદ્યામંડળ સંચાલિત અને સીવીએમયુની ઘટક સંસ્થા આઈસ્ટાર કોલેજ દ્વારા તાજેતરમાં રજતજયંતિ મહોત્સવ નિમિત્તે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ચિન્મય જોશી, હિતેશ્રી પટેલ, અંજલિ રબારી અને જાનકી પંચાલ દ્વારા એન્કરિંગ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમ્યાન વિદ્યાર્થીઓ દ્વારા ક્લાસિકલ ડાન્સ, સોલો સિંગિંગ, શાયરી, બૉલીવુડ ફ્યુઝન ડાન્સ, ગિટાર પ્લેઈંગ, ડ્યુએટ સોન્ગ, લોકગીત, ભજન, સ્કીટ, તબલા વાદન, રાજસ્થાની ડાન્સ, લેઝી ડાન્સ વગેરે પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન ફેકલ્ટી તેમજ વિદ્યાર્થી ટીમ મેમ્બર્સ દ્વારા કરવામાં આવ્યું હતું. સાંસ્કૃતિક કાર્યક્રમના સફળ આયોજન બદલ આઈસ્ટાર સંસ્થાના પ્રિન્સિપાલ ડો.એમ.એમ.રાજ દ્વારા આઈસ્ટાર સંસ્થાના કલ્ચરલ પ્રોગ્રામ સેલના અધ્યાપકો તથા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

**૨.સરફેસ કોટિંગ ટેકનોલોજી ડિપાર્ટમેન્ટના વિદ્યાર્થીઓને એશિયન પેઈન્ટસ ચેરીટેબલ ટ્રસ્ટ, મુંબઈ દ્વારા શિષ્યવૃત્તિ :**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત અને સીવીએમ યુનિવર્સિટીની ઘટક સંસ્થા આઇસ્ટાર કોલેજના સરફેસ કોટિંગ ટેકનોલોજી ડિપાર્ટમેન્ટમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પ્રણવ આશર, શ્યામ પટેલ, ખુશી પટેલ, ધાર્મિક પરમાર અને ચિન્મય ચવાણને મેસર્સ એશિયન પેઇન્ટસ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા શિષ્યવૃત્તિ પેટે કુલ રૂ.૧૧,૪૦,૦૦૦/- (રૂ. ૨,૨૮,૦૦૦/- પ્રતિ વિદ્યાર્થી) સંપૂર્ણ કોર્સ ફી તેમજ યુનિવર્સિટીની પરીક્ષા ફી પેટે શિષ્યવૃત્તિની આર્થિક સહાય મળી હતી. આ શિષ્યવૃત્તિ ચારુતર વિદ્યામંડળના ચેરમેન ઈજનેર શ્રી ભીખુભાઈ પટેલના વરદ્ હસ્તે એનાયત કરવામાં આવી હતી. ઉપરોક્ત સિદ્ધિ બદલ આઇસ્ટાર કોલેજના પ્રિન્સિપાલ ડો.મહેન્દ્રસિંહ રાજ તથા કોલેજ સંયોજક ડો.જીગર પટેલ દ્વારા સરફેસ કોટિંગ ટેકનોલોજી વિભાગના વડા ડો.મયંક પટેલ, સિનિયર ફેકલ્ટી ડો. કલ્પેશ પટેલ તથા વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

**૩. એલ્યુમની એસોસિએશન સેલ દ્વારા દ્વારા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન યોજાયું:**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત અને સીવીએમયુની ઘટક સંસ્થા આઈસ્ટાર દ્વારા એલ્યુમની મીટના ભાગરૂપે એલ્યુમની એસોસિએશન સેલ દ્વારા તા.૧૩ માર્ચના રોજ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન યોજાયું હતું, જેમાં આઈસ્ટાર કોલેજના દરેક ડિપાર્ટમેન્ટના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં ફેકલ્ટી બૈજુ વર્ગીસે કાર્યક્રમની રૂપરેખા આપી હતી. સંસ્થાના પ્રિન્સિપાલ ડો.એમ.એમ.રાજ દ્વારા એલ્યુમની મીટનું મહત્ત્વ અને એલ્યુમની વિદ્યાર્થીઓ દ્વારા સંસ્થાને પૂરું પડાતા યોગદાન વિશે માહિતી આપી હતી. ફેકલ્ટી ડો.ધૃતિ પટેલ દ્વારા ઉપસ્થિત એલ્યુમની વિદ્યાર્થીઓની કારકિર્દી અને સોપાનો વિશે ચિતાર આપવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમ્યાન આઈસ્ટાર સંસ્થાના આચાર્ય ડો.એમ.એમ. રાજ, કોલેજ સંયોજક ડો.જીગર પટેલ તથા મધ્યસ્થ સમિતિના ઉપપ્રમુખ રૂપેશ શાહ દ્વારા દરેક ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને પ્રશંસા પ્રમાણપત્રો એનાયત કરીને તેઓનું સન્માન કરવામાં આવ્યું હતું. દરેક એલ્યુમની વિદ્યાર્થીઓએ તેઓની કારકિર્દીના ઘડતરમાં સંસ્થાના યોગદાન વિશે પ્રતિભાવો રજૂ કર્યા હતા. કાર્યક્રમને અંતે ફેકલ્ટી આકાંક્ષા વર્મા દ્વારા આભારવિધિ કરી હતી.

**૪. એપલ ઇન્ડિયાના કોર્પોરેટ લીડ દ્વારા આઈસ્ટાર કોલેજની મુલાકાત :**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત અને સીવીએમ યુનિવર્સિટીની ઘટક સંસ્થા આઈસ્ટાર કોલેજ ખાતે તાજેતરમાં હૈદરાબાદ સ્થિત એપલ ઇન્ડિયાના એન્વાયરોન્મેન્ટ, હેલ્થ એન્ડ સેફ્ટી વિભાગના કોર્પોરેટ લીડ વૈદેહી સિમંતે મુલાકાત લીધી હતી. તેઓએ ૨૦૦૭માં આઈસ્ટાર કોલેજના ઇન્ડસ્ટ્રિયલ હાઇજીન એન્ડ સેફ્ટી ડિપાર્ટમેન્ટમાંથી માસ્ટર ડિગ્રી હાંસિલ કરી હતી. ત્યારબાદ તેઓએ વિવિધ ખ્યાતનામ મલ્ટી નેશનલ કંપનીઓ સીમાન્ટેક અને ટીસીએસ વગેરેમાં એન્વાયરોન્મેન્ટ, હેલ્થ એન્ડ સેફ્ટી ઓફિસર તરીકે ફરજ બજાવી હતી. વૈદેહી સિમંત ઔદ્યોગિક એકમોના કર્મચારીઓના સ્વાસ્થ્ય અને સલામતીક્ષેત્રે ૧૭ વર્ષનો કાર્ય-અનુભવ ધરાવે છે. આંતરરાષ્ટ્રીય મહિલા પખવાડિયા દરમ્યાન પણ તેઓનું MIHS વિભાગ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. તેઓએ વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કરીને ઔદ્યોગિક સ્વચ્છતા અને સલામતીના ક્ષેત્રમાં કેવી રીતે કારકિર્દી ઘડી શકાય છે અને વ્યક્તિગત વિદ્યાર્થીઓના કૌશલ્યો, સંચાર તેમજ બહેતર વ્યક્તિત્વ-વિકાસની જરૂરિયાત પર પ્રકાશ પાડ્યો હતો. સંસ્થાના ભૂતપૂર્વ અને સફળ એલ્યુમની તરીકે તેઓએ સંસ્થાના વિદ્યાર્થીઓની કારકિર્દીના ઉજ્જ્વળ ભવિષ્ય માટે એકેડેમી-ઇન્ડસ્ટ્રી ઇન્ટરફેસને વેગ આપવા માટેની બાંહેધરી આપી હતી. આ


ISSN 0976-9609

મુલાકાત દરમ્યાન સીવીએમના ચેરમેન ઇજનેરશ્રી ભીખુભાઈ પટેલ તથા ઓનરરી જોઈન્ટ સેક્રેટરી શ્રી મેહુલભાઈ પટેલ દ્વારા વૈદેહી સીમંતને આઈસ્ટાર સંસ્થામાં અભ્યાસ કરીને પ્રગતિ કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

**એનવિપાસ કૉલેજનો ૨૮મો વાર્ષિક દિન ઉજવાયો.**

ચારૂતર વિદ્યામંડળ યુનિવર્સિટીની ઘટક સંસ્થા નટુભાઈ વિ.પટેલ કૉલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઇડ સાયન્સીસ તેની અઢી દાયકાથી વધુની શૈક્ષણિક સફર સફળતાપૂર્વક પૂર્ણ કરી 28મા વર્ષે નવપલ્લવિત થવા જઈ રહી છે ત્યારે સંસ્થા દ્વારા વાર્ષિકદિન નિમિત્તે ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું.

નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડીટેશન કાઉન્સિલ 'નેક' દ્વારા સતત બે વખત "એ" ગ્રેડથી પ્રમાણિત તથા ગુજરાત સ્ટેટ ઇન્સ્ટીટ્યુશનલ રેન્કિંગ ફ્રેમવર્ક દ્વારા સતત ચાર વર્ષથી પ્રાપ્ત થયેલ ફોર સ્ટાર સ્ટેટસ એનવિપાસ કૉલેજની શિક્ષણ જગતમાં છેલ્લા અઢી દાયકાથી વધુની સફળ અને સાર્થક સફરની સાક્ષી પૂરે છે. આ સફરના એક મહત્વના પડાવ સ્વરૂપે સંસ્થાના વાર્ષિક દિનની ઉજવણી ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ શ્રી એન્જિનિયર ભીખુભાઈ પટેલના પ્રમુખપદે તથા સ્પેસ એપ્લિકેશન સેન્ટર (SAC), ઈસરો અમદાવાદના ડાયરેક્ટર ડૉ. નિલેશ દેસાઈના મુખ્ય અતિથીપદે અને સંસ્થાના દાતા શ્રી મયુરભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી. આ પ્રસંગને શોભાયમાન બનાવવા ચારૂતર વિદ્યામંડળ તથા ચારૂતર વિદ્યામંડળ યુનિવર્સિટીના હોદ્દેદારો, આચાર્યશ્રીઓ, નિયામકશ્રીઓ, આમંત્રિત મહેમાનો તથા વિદ્યાર્થીગણ  મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે મંચસ્થ મહેમાનોના સ્વાગત બાદ સંસ્થાના આચાર્ય તથા સંસ્થાની મધ્યસ્થ સમિતિના પ્રમુખ ડૉ. બાસુદેબ બક્ષીએ શૈક્ષણિક વર્ષ 2023-24 નો સંસ્થાકીય અહેવાલ રજૂ કર્યો હતો.

જ્યારે મધ્યસ્થ સમિતિના ઉપપ્રમુખ તથા કોમ્પ્યુટર સાયન્સ વિભાગના B.C.A પ્રોગ્રામના કૉ-ઓર્ડીનેટર ડૉ.શ્રેયા શાહે વર્ષ દરમિયાન થયેલ વિવિધ શિક્ષણેત્તર અને ઈત્તર પ્રવૃત્તિઓનો અહેવાલ રજૂ કર્યો હતો.

આ પ્રસંગે વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ વર્ષ દરમિયાન મેળવેલી સિદ્ધિ બદલ મંચસ્થ મહાનુભાવો દ્વારા તેઓને પુરસ્કૃત કરવામાં આવ્યા હતા તથા તેજસ્વી વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ પણ એનાયત કરવામાં આવી હતી.

મુખ્ય મહેમાન તરીકે પધારેલ SAC, ISRO ના ડાયરેક્ટર ડૉ.નિલેશ દેસાઈ સાહેબે તેમના પ્રાસંગિક પ્રવચનમાં અંતરીક્ષ વિજ્ઞાન ક્ષેત્રે થઈ રહેલા સંશોધનોમાં પ્યોર એન્ડ એપ્લાઇડ સાયન્સની ઉપયોગીતાનું વિવિધ દ્રષ્ટાંતો દ્વારા મહત્વ સમજાવ્યું હતું. તેઓએ વધુમાં પ્યોર એન્ડ એપ્લાઇડ સાયન્સમાં અનુસંધાન તેમજ શિક્ષણની ગુણવત્તા પર ભાર મૂકી વિદ્યાર્થીઓને જન સુખાકારીને લગતા સંશોધનો મારફતે ભારતને એક વિકસિત રાષ્ટ્ર બનાવવામાં પોતાનું યોગદાન આપવાની હાકલ કરી હતી. જ્યારે ચારૂતર વિદ્યામંડળ યુનિવર્સિટીના પ્રમુખ શ્રી એન્જિનિયર ભીખુભાઈ પટેલ સાહેબે પ્યોર એન્ડ એપ્લાઇડ સાયન્સ ક્ષેત્રે રહેલ તકો અને પડકારોને ઓળખી વિદ્યાર્થીઓ ઉજ્જ્વળ કારકિર્દી બનાવે અને સંસ્થા પ્રત્યે પોતાનું ઋણ અદા કરે એવા આશીર્વાદ આપ્યા હતા. સમારંભને અંતે સંસ્થાના જનરલ સેક્રેટરી શ્રી ઓમ પટેલે આભારવિધિ કરી હતી

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન અંગ્રેજી વિભાગના અધ્યક્ષ શ્રી કાર્તિક જગતાપ તથા પ્રાધ્યાપિકા ડૉ. હીના પટેલે કર્યું હતું.



## ।। સૂચના ।।

૧. 'વિ-વિદ્યાનગર' વલ્લભ વિદ્યાનગરના શૈક્ષણિક ટ્રસ્ટ ચારુતર વિદ્યામંડળ તરફથી દર માસે નિયમિત પ્રકાશિત થતું શિક્ષણ, સાહિત્ય અને સંસ્કાર વિષયક સામગ્રી પીરસતું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક છે. માનવજીવનને ઉન્નતિકારક અને યુવાવર્ગને પ્રેરક, શિષ્ટ સરળ શૈલીમાં, મૌલિક, અનુવાદિક ઉપરાંત સંચય સ્વરૂપ (digest)) માં પણ સામગ્રી આપવામાં આવે છે.

૨. ।વિ। માં મોકલેલું લખાણ મૌલિક હોવું જરૂર છે. પ્રકાશન અર્થે કૃતિ મોકલતી વખતે સર્જકે એની ઝેરોક્ષ નકલ પોતાની પાસે અવશ્ય રાખવી. તંત્રીને ઝેરોક્ષ નકલ મોકલવી નહિ. મૂળ લખાણ જ મોકલવું. લખાણ કાગળની એક બાજુએ, ફૂલસ્કેપ કાગળ પર હાંસિયો પાડીને જ મોકલવું જરૂરી છે. પોસ્ટકાર્ડ કે ઈન્લેંન્ડ પર મોકલેલું લખાણ પ્રકાશન માટે સ્વીકારવામાં આવશે નહિ. કૃતિના સ્વીકાર-અસ્વીકાર અંગેના નિર્ણયનો અધિકાર તંત્રી-સંપાદક મંડળનો રહેશે.

૩. સાધારણ રીતે લાંબા લેખોને અવકાશ ઓછો છે. લખાણ ટૂંકું અને મુદ્દાસર હોય એ જરૂરી છે. લખાણમાં અંગ્રેજી શબ્દનો ઉપયોગ કર્યો હોય ત્યાં સાથે કૌંસમાં ગુજરાતી પર્યાય આપવો આવશ્યક છે. લખાણ ગુજરાત વિદ્યાપીઠના માન્ય જોડણીકોશ અનુસારની જોડણીમાં હોવું જરૂરી છે. લેખમાંના અભિપ્રાયની જવાબદારી સંબંધિત સર્જકની જ રહેશે, તંત્રી કે સંપાદક મંડળ એ અંગે જવાબદાર રહેશે નહીં.

૪. ।વિ। માં મોકલેલું લખાણ પ્રકાશન અર્થે અન્ય સામયિકને પણ મોકલેલું ન હોવું જોઇએ. એ અંગેની કાળજી તેમજ જવાબદારી સર્જકે રાખવી જરૂરી છે. સામાન્ય રીતે બે-ત્રણ માસમાં કૃતિ પ્રકાશિત ન થાય તો અસ્વીકૃતિ કૃતિ પરત મોકલવાની પદ્ધતિ નથી. તેથી જવાબી ટપાલીખર્ચ ન મોકલવું લેખ/કૃતિ અંગે કોઇ પત્ર વ્યવહાર ટેલીફોન કે રૂબરૂ સંપર્ક કરવો નહિ.

૫. પ્રત્યેક કૃતિ નીચે સર્જકે બેન્ક એકાઉન્ટ નંબર પ્રમાણે પોતાનું નામ, બેન્ક એકાઉન્ટ નંબર IFSC Code તથા પિનકોડ સાથેનું પૂરેપૂરું સરનામું અવશ્ય લખવું. જેથી સર્જકની પુરસ્કારની રકમ જમા કરાવવામાં સરળતા રહે. અપૂરતી વિગતને કારણે પુરસ્કારની રકમ જમા ન થઇ શકે તો જવાબદારી સર્જકની રહેશે. આથી દરેક વિગત ચકાસીને મોકલવી.

૬. 'વિ-વિદ્યાનગર' દર માસની પાંચમી તારીખે નિયમિતરૂપે પ્રકાશિત થાય છે. સામયિકનો અંક ચોક્સાઇથી રવાના કરવામાં આવે છે. ટપાલમાં અંક ગેરવલ્લે જાય તો તે અંગેની જવાબદારી સંસ્થાની નથી. અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રગટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર યાન આપી શકાશે. અલબત્ત, અંક સિલકમાં હશે તો બીજી નકલ મોકલવામાં આવશે.

૭. લવાજમ વાર્ષિક-આજીવન રૂબરૂમાં-મની ઓર્ડરથી-બેન્ક ડ્રાફ્ટ-ચેકથી કે ઓનલાઈન મોકલી શકાય. મનીઑર્ડરની કૂપનમાં ગ્રાહકે સ્પષ્ટ અક્ષરે પોતાનું નામ સરનામું, પિનકોડ સાથે લખવું. બહારગામના બેન્ક ડ્રાફ્ટ-ચેકમાં લવાજમની રકમ ઉપરાંત રૂપિયા પાંત્રીસ ઉમેરવા. ગમે તે માસથી ગ્રાહક થઇ શકાય છે. લવાજમ 'ચારુતર વિદ્યામંડળ'ના નામે મોકલવું.

૮. દિવંગત થયેલા આજીવન ગ્રાહક અંગે તેમના સગાં-સંબંધીઓને તે વિશે કાર્યાલયને જાણ કરવા વિનંતી.

૯. વ્યવસ્થા અંગેનો તેમજ તંત્રી સાથેનો સઘળો પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો.

**ડૉ. ઉર્વીશ છાયા**

**તંત્રીશ્રી, વિ-વિદ્યાનગર, આસિ.પ્રોફેસર, (અધ્યક્ષ માઈક્રોબાયોલોજી એન્ડ ફૂડ ટેકનોલોજી વિભાગ)**

**એન.વી.પટેલ સાયન્સ કૉલેજ (N.V.P.A.S.), વલ્લભ વિદ્યાનગર**

**ઇ-મેઇલ** : editor.vidyanagar@gmail.com., urvish.chhaya@gmail.com

**લવાજમ**

| | | |
|---|---|---|
| **વાર્ષિક** | : | + ૧૫૦, સ્થાનિક વિદ્યાર્થીઓ માટે પ્રોત્સાહક લવાજમ + ૧૦૦ |
| **આજીવન** | : | + ૧૫૦૦ |
| **વિદેશમાં** | : | ૨૫ $ અથવા ૧૫ £ આજીવન ૧૦૦ $ અથવા ૭૦ £ |
| **છૂટક નકલની કિંમત** | : | ₹ ૧૫ + રવાનગી ખર્ચ ₹ ૧૦ |


ISSN 0976-9609



ચારુતર વિદ્યામંડળના આદ્યસ્થાપક તથા ચારુતર વિદ્યામંડળના પ્રથમ માનદ્‌મંત્રી તથા શિક્ષણવિદ્ પૂજ્ય ભીખાભાઈ સાહેબની પુણ્યતિથિ તા. ૨૧ એપ્રિલ ૨૦૨૪ નિમિત્તે ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષશ્રી તથા સીવીએમ યુનિવર્સિટીના પ્રમુખશ્રી એન્જિ. ભીખુભાઈ બી. પટેલ, માનદ્ મંત્રીશ્રી ડૉ. એસ. જી. પટેલ, માનદ્ સહમંત્રીશ્રીઓ રમેશ તલાટી, મેહુલભાઈ પટેલ, વિશાલભાઈ પટેલ તથા સમગ્ર ચારુતર વિદ્યામંડળ તથા ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટી પરિવાર ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે




નેશનલ યુથ ફેસ્ટીવલની મીમીક્રી ઈવેન્ટમાં સમગ્ર દેશની તમામ યુનિવર્સિટીઓમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનાર નલિની કોલેજના વિદ્યાર્થી શ્રી અમીત પરમાર સાથે ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષશ્રી તથા સીવીએમ યુનિવર્સિટીના પ્રમુખશ્રી એન્જિ. ભીખુભાઈ બી. પટેલ, માનદ્ સહમંત્રીશ્રીઓ શ્રી રમેશ તલાટી, શ્રી વિશાલ એચ. પટેલ, નલિની-અરવિંદ એન્ડ ટી.વી. પટેલ આર્ટ્સ કોલેજ આચાર્યશ્રી ડૉ. બી.એમ. પરમાર તથા કોલેજના કલ્ચરલ કો-ઓર્ડીનેટર ડૉ. ઉષા શર્મા દૃશ્યમાન થાય છે.

BOOK POST
May 2024

V-Vidyanagar 26 (5)
Published on 05/05/2024
No. of Pages 32 Including Cover
ISSN 0976 – 9609 V-Vidyanagar

Postal Regd. No. AND/318/2024-26
RNI Regd. No. Guj/2009-11/5433
Posted at Vallabh Vidyanagar on
5th of Every Month

**Veer Savarkar (Vinayak Damodar Savarkar )**



(28 May 1883 to 26 February 1966)

Vinayak Damodar Savarkar, was an Indian politician, activist and writer. Savarkar developed the Hindu nationalist political ideology of Hindutva while confined at Ratnagiri in 1922. He was a leading figure in the Hindu Mahasabha. (Source: google)

**Editor : Dr. Urvish Chhaya**

**If undelivered, return to**
Dr. S.G. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal,
Vallabh Vidyanagar 388120, Gujarat (INDIA)
(Printed, Published and Owned by Charutar Vidya Mandal, Vallabh Vidyanagar )